પદ્માવતીની વાર્ત્તા.

લીટી (૧-૪૫૧.)

જૂદા જૂદા ગ્રંથો ઉપરથી મુકાબલો કરીને).
સરલાર્થ ટીકા, અઘરા શબ્દોના
પદચ્છેદ તથા તેને લગતા
વ્યાકરણના નિયમોની
સમજુતી સહિત.

(ઍંગ્લો-ગુજરાતી ત્રીજા ધોરણ માટે).

આવૃત્તિ ૬ ઠી.

સુરત:
"મિશન" છાપખાનામાં એચ. આર. સ્કોટે છાપી.
મિ. કરસનદાસ નારણદાસ બુકસેલર. સુરત.

૧૯૧૨.

કિમ્મત સાડાચાર આના.

પદ્માવતીની વાર્ત્તા.

ઉપોદ્‌ઘાત.

લીટી ૧-૧૪—ચંપાવતી નગરીના રાજા ચંપકસેનને પુષ્પસેન નામે પુત્ર હતો. એ પુષ્પસેનનાં અને પદ્માવતીનાં શી રીતે લગ્ન થયાં તે કથાપ્રસંગથી કવિ કાવ્યની શરૂઆત કરેછે; તે પુત્રને પ્રધાન સાથે ઘણી પ્રીતિ હતી તેને લઇ મૃગયા (શિકાર) રમવા ગયો અને પાછા ફરતાં એક સ્ત્રી (સુલોચના) તેને મળી; તેને રાજપુત્ર સાથે વરવાની ઇચ્છા થઇ. ૧૫-૨૮—તેને રાજપુત્ર સાથે એવી શરત થઇ કે મારા કુંભપર જો તું સચોટ તીર ફેંકે તો હું તને એક મોટો કિમતી હાર આપું, પણ જો તારા આવતા તીરને હું ઝાલી લઉં અને તારી પેહેલી ચોટ ચૂકાવું તો તારે મારે ઘેર આવી મારી સાથે પરણવું. ૨૯-૭૦—રાજપુત્રે ખુશીથી એ કબૂલ્યું, પણ તીર સચોટ વાગ્યું નહિ તેથી પ્રધાનની સલાહથી તેણે સુલોચનાને મ્હેલ જવાને તેની નિશાનીઓ સમસ્યામાં પૂછી લીધી. ૭૧-૭૯ તે પ્રમાણે રાજપુત્ર સુલોચનાને મ્હેલ ગયો અને તેને પ્રેમથી મળ્યો. ૮૦-૮૯—સુલોચનાએ ગાંધર્વ વિવાહથી તરતજ પરણવાનું કહ્યું, પણ રાજપુત્રે તેની ના પાડી અને પ્રત્યક્ષ લગ્ન કરવાનું કહ્યું. ૯૦-૧૦૨—એવામાં ચંપકસેન રાજસભામાં બેઠો હતો ત્યાં લોકોએ નગરમાં વાઘ આવ્યાની ફરીઆદ કીધી. ૧૦૩-૧૧૨—તે ઉપરથી રાજાએ તમામ રૈયતને વાઘને મારવા આવવાનો નગરમાં પડો વજડાવ્યો અને જે ન આવે તેનો શિરચ્છેદ કરવા હૂકમ કીધો. ૧૧૩-૧૨૪—રાજા શિકાર કરવા નિકળ્યો અને વાઘ મરાયા પછી ત્યાં સૌની હાજરી લેતાં રાજપુત્ર માલમ પડયો નહિ. તેથી ઘણો ક્રોધાયમાન થઇ તેણે તેને મારીનાખવાનો નિશ્ચય કીધો. ૧૨૫-૧૩૮ રાજપુત્ર સુલોચનાને ત્યાંજ હોવાથી તેને કંઇ છૂપલી વાતની ખબર નહોતી. તે પોતાને મ્હેલ ગયો અને માએ વાઘ માર્યા બાબતના સમાચાર પૂછ્યા તે બાબત તેણે પોતાનું અજ્ઞાન બતાવ્યું. ૧૩૯-૧૪૪—પોતાની માની કહેલી હકીકત ઉપરથી રાજકુંવર એકલો ઘોડે બેસી નગર બહાર ગયો તો પિતા સામો મળ્યો. ૧૪૫-૧૫૬—તેણે તેને પ્રણામ કીધો તે કબૂલ ન રાખતાં તેણે સઘળા લોકોની સમક્ષ તેનો શિરચ્છેદ કરવાનો હૂકમ કીધો.

૧૫૭-૧૭૮—તમામ લોકોમાં હાહાકાર વર્ત્તી રહ્યો. રાણીને કાને એ વાત પડતાં તેને ઘણો ક્રોધ ચઢયો. એણે પોતાની સખીઓને એકઠી કીધી. તેઓ રાજા પાસે કંઇક માગણી કરવા ગઇ ત્યારે રાજા સમજ્યો કે એ વાત છોકરાને ઉગારવાની છે, માટે નહિ સ્વીકારાય. તે ઉપરથી રાણીએ પોતાનો પ્રાણ ત્યાગ કરવાનો વિચાર કીધો. ૧૭૯-૨૧૧—કુંવર પોતાના મનમાં દુભાયો, ને રાજાને કહ્યું કે તમે તમારો ઠરાવ અમલમાં આણો. રાજાએ જાણ્યું કે બાળહત્યા કરવી તે કરતાં મારે મરવું સારૂં છે. એ વિચાર માટે જોષીને બોલાવ્યો, અને પૂછ્યું કે બધા ઉગરે એવો કંઇ ઉપાય છે? ત્યારે તેણે કહ્યું કે કુંવરને વનમાં કહાડો. તે ઉપરથી પુષ્પસેન હથિયાર સજી નીકળ્યો, એટલામાં તેને પ્રધાનપુત્ર મળ્યો. હકીકત જાણી પ્રધાનપુત્ર રાજા પાસે ગયો અને તેના કુંવરને વીતેલી વાત કહી. ૨૧૨-૨૩૪—તે ઉપરથી કુંવરને બોલાવી રાજાએ બધી હકીકત પૂછી. તેના જવાબમાં કુંવરે કહ્યું કે હું નેનકમળશાને ત્યાં ગયો હતો. ત્યાં મને તેની પુત્રી મળી, તેને મેં પરણવાનું વચન આપ્યું, તે હું ન પાળું તો નર્કમાં જાઉં. એ સાંભળી રાજાએ તે શેઠીઆને બોલાવ્યો અને તેની છોકરીની માગણી કીધી. તેણે ક્ષત્રી સાથે વણીક પુત્રીનું લગ્ન થાય નહિ એવું જણાવ્યું. ૨૩૫-૨૪૫—રાજાએ કહ્યું એમ બને નહિ. તમો ઘેર જઇ વિચાર કરો. છોકરીને બોલાવી તો તેણીએ એવો જવાબ દીધો કે પરણું તો એનેજ, નહિતો પ્રાણ ત્યાગ કરૂં. એ ઉપરથી રાજાને પુત્રી આપવાનું નક્કી કીધું, ૨૪૬-૨૭૨—એ ઉપરથી શેઠાણીએ છોકરીને કહ્યું કે તું કુંવરને પરણશે અને તેતો તુરત વનવાસ જશે. તે વાતની તેણીએ દરકાર કીધી નહિ અને લગ્ન થયાં. ૨૭૩-૩૦૦—પછી પુષ્પસેન માતાને પ્રણામ કરી વનમાં ચાલ્યો. સાથે માત્ર પોતાનો ઘોડો રાખ્યો, અને પોતાની સ્ત્રીને મળી બાર વર્ષે પાછા આવવાનું કહી ચાલતો થયો.

૩૦૧–૪૫૧—પછી પ્રધાનનો છોકરો તેને મળ્યો ને કેટલીક વાત કરી તે ચાલ્યો ગયો. રાજપુત્ર વનમાં આવી પહોંચ્યો, જ્યાં તેને એક યક્ષિણી મળી. તેણે એનો ભક્ષ કરવા કહ્યું. રાજપુત્ર તેને શરણુ થવાથી તેને જવા દીધો અને સંકટ વખતે યાદ કરવાનું કહ્યું. ત્યાર બાદ તે કુંતિભોજ રાજાના રાજ્યમાં જઇ ચઢયો. તે રાજસભામાં દાખલ થયો, જ્યાં તેને ઘણું માન મળ્યું ને તેને આનંદમાં ત્યાં રહેવા રાજાએ કહ્યું. આ પ્રમાણે કેટલાક દિવસ ગયા બાદ રાજાની કુંવરી પદ્માવતીએ તેનું સુંદર મુખ જોઇને પોતાની પાસે બોલાવી મંગાવવાની તજવીજ કીધી. રાજપુત્ર ત્યાં ગયો. બન્ને વચ્ચે ચતુરાઇ ભરેલી વાતચીતો થઇ. રાજકુમારીએ રાજપુત્રને કેટલીક સમશ્યાઓ પુછી અને તેના ચતુરાઇ ભરેલા જવાબો તેણે આપ્યા, તેથી રાજપુત્ર ઉપર તે મોહિત થઇ.

पद्मावतीनी वार्त्ता.

दोहरा.

આખ્યાન કહું પદ્માવતી, સતી શિરોમણી જેહ;
પુષ્પસેન સાથે વરી, વર્ણન હું કહું તેહ. ૨

નગર એક ચંપાવતી, ચંપકસેન રાજન;
પટરાણી પુષ્પાવતી, પુષ્પસેન એક તન. ૪

બત્રિસ લક્ષણ આગળો, ચઉદ વિદ્યાગુણ જાણ;
રાગ છત્રિસે આળપે, વદન શશી પરમાણ. ૬

સોળ વરસનો સુત થયો, ધનુર્વિદ્યાનો ધીર;
હયે બેસીને સંચર્યો, જાણે બાવન વીર. ૮

પ્રીત ઘણી પરધાનશું, ક્ષણ અળગો નવ થાય;
બે જણ રમવા એકઠા, મૃગયા કારણ જાય. ૧૦

વસંત ઋતુ ફુલી રહી, સુંદર સરોવર નીર;
મૃગયાથી પાછા વળ્યા, આવ્યા તેને તીર. ૧૨

સુંદર તટ રળીઆમણું, ઉભા તેને છાંય;
માનની એક મદે ભરી, જળ ભરવાને જાય. ૧૪

કુંભ ભરી શિર પર ધર્યો, કટાક્ષ કરતી જાય;
ચાતુરી ઘણી ચાળવી, તોય ન ચેત્યો રાય. ૧૬

રીસ કરી રામા વદે, સાંભળ રાજકુમાર;
કોણ કારણ ગ્રહ્યું કામઠું, શીદ વેંઢારે ભાર. ૧૮

રાય સુણી અચરત થયો, સાથી સામું જોય;
શું કહે છે એ કામની, કહી નવ શકે કોય. ૨૦

કહે રામા તું કોણ છે, કોણ તમારી જાત;
શા કારણ પડયું પૂછવું, તે કહો મુજને વાત. ૨૨

નારી વેણુજ ઓચરી, સાંભળ સાચું ધીર;
કસી ભરીને નાખ તું, મારા કુંભ પર તીર. ૨૪

કુંભે તીરજ વાગશે, ચાલશે જળની ધાર;
હોડ આપણે એટલી, આપું એકાવળ હાર. ૨૬

તિર આવતું હાથે ગ્રહું, ચુકાવું ચોટની ફાળ;
મંદિર લઇ જાઉં મલપતો, પરણે તું તત્કાળ. ૨૮

મહિપતિ રીઝયો મનવિષે, એ તો રૂડી વાત;
હું નિશાન ભુલું નહિ, બેડું તે કોણ માત્ર. ૩૦

તાણી તીરજ નાખિયો, રાજાએ દઇ દોટ;
આવતો ઝાલ્યો ઝડપશું, ચુકવ્યો પહેલી ચોટ. ૩૨

સખિયો સાથે હસી પડી, ચડી રાયને રીસ;
કો કાળે ભુલું નહીં, જાણે છેદું શીશ. ૩૪

પ્રધાને વારી રાખિયો, રીસ ન કીજે રાઓ;
મુખથિ વેણુ જો ઓચર્યા, એને મંદિર જાઓ. ૩૬

પછી રાય હસિ બોલિયો, કહો આવ્યાની વાટ;
મંદિરનું દે પારખું, આવું પડતી રાત. ૩૮

સમસ્યા—નિત્યે પાવક પરજળે, મૃત સંજીવન થાય;
તેથી મોહોલ ઊંચેરડો, એ એધાણી રાય. ૪૦

ઉત્તર—અગ્નિથકી લોહું ગળે, જીવતી ધમણો સાર;
મંદિર કહ્યું તેં માનની, લક્ષવસા લોહાર. ૪૨

સ.—જેને દીઠે જગ મોહે, તેનું છેદે શીશ;
તેને ઘેર થઇ આવજો, રવિ આથમતે દીશ. ૪૪

ઉ.—નિર્મળ વાડી વનસ્પતિ, નિર્મળ નીરશું નેહ;
પુષ્પો વીણે પ્રીતશું, માળીમંદિર તેહ. ૪૬

સ.—જેહ સમારે તુજને, તેને સમારે જેહ ;
તેથી મહોલ ઉંચેરડા, સહિ એંધાણી એહ. ૪૮

ઉ.—શોભા દે સઉ લોકને, તેને ઉજવળ કામ ;
શામા સમજાવ્યું તમે, ધોબી એનું નામ. ૫૦

સ.—જેને ખાધે વિષ ચડે, તેને જે કોઇ ખાય ;
તે મેલું મુજ બારણે, એ એંધાણી રાય. ૫૨

ઉ.—ગિરિશિખરે વાસો વસે, ગાજંતે ઘનઘોર ;
પરમેશ્વર મસ્તક ધરે, માનુની તે તો મોર. ૫૪

સ.—કુરંગ હેમ સરીખડો, પુછપીવંતો નીર ;
તે મેલું મુજ બારણે, આવજે આણી ધીર. ૫૬

ઉ.—દિવસે મારે કામની, કુળમાં કરે ઉદ્યોત ;
ઘેર ઘેર અજવાળું કરે, જુવતી દીપક જ્યોત. ૫૮

સ.—મુખે મધુરૂં બોલતો, ચાતુર નર વશ હોય ;
તેનો શબ્દ સુણી આવજો, જેમ ન જાણે કોય. ૬૦

ઉ.—ભોગી માણે ભૂપતિ, તેને વાલો તંત્ર ;
બોલે બેસી જોખથી, જુવતી તે તો જંત્ર. ૬૨

સ.—રાંક અરાડે વર્ણમાં, જે વડે તારૂં રાજ ;
ધીરજ રાખી આવજો, જાત અમારી આજ. ૬૪

ઉ.—ડાહ્યા અકલે આગળો, સર્વ કળાનો સૂત્ર ;
નારી મેં તે ઓળખ્યો, વણીક કેરો પુત્ર. ૬૬

સ.—અમુલક બે જે તમ કને, જળમાં નીપજે જેહ ;
એ બે કીજે એકઠાં, તાત અમારો તેહ. ૬૮

ઉ.—અમુલક બે તે નેણ છે, જળમાં કમળ સુધામ ;
નારિ તેં મુજને કહ્યું, નેનકમળશા નામ. ૭૦

ચોપાઇ.

એવું કહીને નારી જાય, મનમાં હરખ્યો પોતે રાય ;
આપ આપને મંદિર ગયાં, સાંજ સમે બે તત્પર થયાં. ૭૨

કર્યાં એંધાણુ ધરીને ગર્વ, રાજાને મન વસિયાં સર્વ ;
પ્રીતથકો રાજા પરવર્યો, સ્ત્રીમહોલ સામો સંચર્યો. ૭૪

ઉઠી અબળાએ કર્યો પ્રણામ, ભલે પધાર્યા રૂડે કામ ;
પાંચ પદારથ પામ્યાં અમો, પ્રીતે કરી પધાર્યા તમો. ૭૬

રાજા બેઠો પાસે જઇ, સ્ત્રી કર જોડી ઉભી રહી ;
ભામિનીએ નિરખ્યો તે ભૂપ, રાજબીજ રઢિયાળું રૂપ.
રાજાએ રાણિ નિરખિયાં, બેઉ જણાં હૈડે હરખિયાં. ૭૯

दोहरा.

સુલોચના એમ ઓચરે, સાંભળ રાય સુધીર ;
જો વરૂં તો તુજને વરૂં, નહિ તો પાડું શરીર. ૮૧

વનિતા વળતી ઓચરી, એ શું બોલ્યા રાય ;
ના કહેતાં મરશું અમો, તે તમને હત્યાય. ૮૩

રાય કહે સુણ સુંદરિ, એમાં અમને ખોડ ;
કાલ સવારે પરણશું, આપણ જુવતી જોડ. ૮૫

હૈડે ધીરજ રાખ તું, જઇ સંભળાવું તાત ;
નગરલોક સહુ દેખતાં, ઝાલું જમણો હાથ. ૮૭

મંડપ રચાવું મોકળો, પરણું રૂડી પેર ;
પટરાણી કરૂં પ્રેમશું, રાખું મારે ઘેર. ૮૯

ચોપાઇ.

તેણે સમે વળતું શું થાય, સજી સભાને બેઠો રાય ;
ચંપકસેન નામ જેતણું, ઢળે છત્ર શિર શોભિત ઘણું. ૯૧

નિશા અંધારી દીપક બળે, રાજકુળ છત્રિસે મળે;
રાગ રાગણી છત્રિસ થાય, બહુ મળ્યા રાણા ને રાય. ૯૩

વિવિધ પ્રકારે થાયે ગાન, એ રીતે બેઠા રાજાન;
પહોર રાત એમ કરતાં ગઇ, નગરમાંહી ત્યાં બુમજ થઇ. ૯૫

ધસમસીને ત્યાં આવ્યા લોક, સઉકોને મન પ્રગટયો શોક;
રાયસભામાં આવી રહ્યા, કારણ રાજા આગળ કહ્યાં. ૯૭

રાય બચ્યાનો નથી રે લાગ, નગર વિષે આવ્યા બે વાઘ;
રાજાજી સાંભળજો વાત, માણુસ ત્રણુની કીધી ઘાત. ૯૯

સુણતાં રાય થયો અશ્વાર, સોંઢયા છે ત્યાં મહા ઝુઝાર;
નગરથકી બહાર નીસર્યા, ઘેરી વાઘ બે આગળ કર્યા.
રાજા સાથી આગળ રહે, ક્રોધ કરીને વાણી કહે. ૧૦૨

દોહરા.

નગરપડો વજડાવિયો, વરતાવી છે આણ;
જે નહિ આવે રણ વિષે, તેના લેઊં પ્રાણ. ૧૦૪

રહે રાયના દેશમાં, અન્ન રાયનું ખાય;
વહેલો આવી આ ઘડી, રણમાં સાથે થાય. ૧૦૬

પાંચથકી પચાસનો, પાળો કે અશ્વાર;
જે નહિ આવે રણવિષે, તેને મારૂં ઠાર. ૧૦૮

વૃદ્ધ પ્રધાન વાણી વદે, એમ ન બોલો બોલ;
કોઇક એવો રહી જશે, ઊતરશે તુજ તોલ. ૧૧૦

નહિ ગુદરૂં પરધાનને, નહિ બેટા કે બાપ;
પક્ષ કરૂં જો કોઇનો, બ્રહ્મહત્યાદિક પાપ. ૧૧૨

ચોપાઇ.

ચંપકસેને કોલજ કર્યો, શિકાર કરવાને સંચર્યો;
અન્યોઅન્ય સેના સંચરે, ઘેરી વાઘને આગળ કરે. ૧૧૪

એમ કરતાં વીતી મધ્ય રાત, વાઘ બેયની કીધી ઘાત ;
રાજા મનમાં હરખ્યો બહુ, વજીર સાથે હરખ્યા સહુ. ૧૧૬

રણુમાં સભા કરીને રાય, સઉકોને ત્યાં કરે પસાય ;
હું તેને આપું શિરપાવ, જેણે વાઘ પર કીધા ઘાવ. ૧૧૮

દોહરા.

કર્યું નિરીક્ષણ નરપતિ, જોયાં સઘળાં રૂપ ;
દ્રષ્ટે આવી નવ ચઢયો, પુષ્પસેનસુત ભૂપ. ૧૨૦

ક્રોધપૂર્ણ રાજા થયો, ભમર ચઢાવી શીશ ;
જઇ સુતને હાથે હણું, રવિ ઉગંતે દીશ. ૧૨૨

હત્યા ન ગણું બાળની, વચન અમારૂં જાય ;
રાવત સઉ ઝાંખા થયા, કર્યો મહા અન્યાય. ૧૨૪

ચોપાઇ.

રાતે સર્વે રણમાં રહ્યું, ઉગ્યો સૂર્ય ને વહાણું થયું ;
પ્રાતઃકાળ થયો જેટલે, પુષ્પસેન જાગ્યો તેટલે. ૧૨૬

રવિ ઉગમતે તે ઉઠિયો, પાગ સમારિ બેઠો થયો ;
પ્રમદા આવી પાલવ ગ્રહ્યા, રાજાને એમ વચનજ કહ્યાં. ૧૨૮

તમો વિના મેં રહ્યું ન જાય, ઘડી એક વરસની થાય ;
તમ દીઠે મુજ ભાગે ભૂખ, અણદીઠે ઉપજે મહા દુઃખ. ૧૩૦

રાય કહે ધીર રાખો તમો, વચન મારૂં જે વરશું અમો ;
વચન દેઇને મહિપતિ ગયો, મ્હોલ પોતાને દાખલ થયો. ૧૩૨

આવતો માએ નિરખ્યો તન, ઉલટ વધી માતાને મન ;
કહો કુંવર ક્યાંથી આવિયા, સમાચાર શા શા લાવિયા. ૧૩૪

કોણે વાઘ હણ્યા કઇ પેર, રાજકુંવર પધાર્યા ઘેર ;
જીતી જશ તે કોણે લીધ, કેટલાને સરપાવજ દીધ. ૧૩૬

મા શું વાઘ શું કહોછો તમો, વાત કશિ પ્રીછું નહિ અમો ;
રાતે તે શી થઇ છે વાત, ક્યાં ગયા છે મારા તાત. ૧૩૮

દોહરા.

રાતે વાઘ બે આવિયા, સૈન ગયું રણમાંય ;
નગર પડો વજડાવિયો, તું ક્યમ ન ગયો ત્યાંય. ૧૪૦

વચન સુણીને માતનું, ચાલ્યો રાજકુમાર ;
અશ્વે બેસિ એકલો, ગયો નગરથી બહાર. ૧૪૨

કટક સર્વે પાછું વળ્યું, જાણે સાગરપૂર ;
કુંવર મળિયો વાટમાં, ત્યાં ઉગમતે સૂર. ૧૪૪

પિતા સમીપે આવિયો, પાળો થઇ તે વાર ;
કર જોડીને કુંવરે, કીધો જઇ જુહાર. ૧૪૬

ચોપાઇ.

રાયની કરડી દીઠી દૃષ્ટ, કુંવર મનમાં પામ્યો કષ્ટ ;
કુંવર મનમાં ઝાંખો થયો, સૌની પાછળ પાછળ રહ્યો. ૧૪૮

રાજા આવ્યો રણમાં જઇ, સૈના સૌ સૌને ઘેર ગઇ ;
ચંપક બેઠો આસન ચડી, તેડયો કુંવરને તે ઘડી. ૧૫૦

નાનું મોટું નગરનું સહુ, મળી ખલક જોવાને બહુ ;
સાચું કહો રહ્યા ક્યાં રાત, વળતી આવ્યા ક્યમ પ્રભાત. ૧૫૨

વળતી કુંવરે વચનજ કહ્યું, જેમ સરજ્યું હતું તેમજ થયું ;
રાજાજી જે કહો તે કરૂં, દ્યો આજ્ઞા તે મસ્તક ધરૂં. ૧૫૪

શાને પૂછો રાખણહાર, હું અન્યાયી ઉભો આ ઠાર ;
બોલ્યો રાય ચઢાવી રીસ, જાઓ કુંવરનું છેદો શીશ. ૧૫૬

એની જે કો કરશે વાર, મારૂં તેને સાથે ઠાર ;
ચંપક વાણી એમ બોલિયો, હાહાકાર નગરમાં થયો. ૧૫૮

એક વચન કરી માનો સત્ય, વાર ન લાગે કહે ભૂપત્ય ;
નગરલોક સૌ મનમાં લહે, કોણ એવો જઇ રાયને કહે. ૧૬૦

બેઠી હતી રાણીજી જહાં, તે વાત વળતી ગઇ તહાં;
મારા સુતને મારે આજ, તેનાં ચક્ષુ કરાવું ત્યાજ. ૧૬૨

જો કોઇ લહે કુંવરનું નામ, તેનો ફેડું નિશ્ચે ઠામ;
ચઢાવી દૃષ્ટિ છૂટે કેશ, ભરજોબનમાં બાળેવેશ. ૧૬૪

રાણીએ મન આણી ગર્વ, સોંઢાડી સાહેલી સર્વ;
લાગી વારજ કરતાં વાત, સાહેલીઓ મળી સેંસાત. ૧૬૬

સઉકો ખડગ ઉઘાડાં કરી, રાજસભા માંહે સંચરી;
જઇ નરપતિને કર્યો પ્રણામ, માગુંછું હું એક ઇનામ. ૧૬૮

રાય કહે માગોછો તમો, તે હાથથી નહિ આપું અમો;
તારા મનથી માગ્યો સુત, તું ઉગારવા આવી પુત. ૧૭૦

दोहरा.

રાણી મન વિમાસિયું, જાતનું કશું જતન;
જીવ્યાથી મરતું ભલું, જો સુત જાય રતન. ૧૭૨

ક્રોધ કરીને કામની, ધરી રાયશું રોશ;
શોક કરી બેઠી સભા, કોઇ ન દેશો દોશ. ૧૭૪

રાજાને કહ્યું રાણીયે, કોઢે ગળશે જાત;
હમણાં તુજને લાગશે, સ્ત્રીહત્યા સેંસાત. ૧૭૬

બ્રહ્મહત્યા છૂટયા તણો, કોઇક કાળે પાર;
સ્ત્રીહત્યા જેણે કરી, નહિ નરકમાં ઠાર. ૧૭૮

चोपाइ.

વચન સુણી માતાજીતણું, કુંવર મન દુઃખ પામ્યો ઘણું;
સુત માને જઇ લાગ્યો પાય, ફોકટ બોલો ક્યાં અન્યાય. ૧૮૦

મારા તાતનું વચનજ જાય, શે કામે આવે આ કાય;
જાયું તે જાવાનું સર્વ, ગંદી દેહ તણો શો ગર્વ. ૧૮૨

મુજ પિતાથી ઉગારશો, જમકિંકરને ક્યાં વારશો ;
એક વચન માટે બળિ છળ્યો, પુરણ વચન પોતાને પળ્યો. ૧૮૪

હરિશ્ચંદ્ર અંત્યજ ઘેર રહ્યો, વિભીષણ લંકાપતિ થયો ;
વચને પાંડવ વનમાં ગયા, વચને કૌરવના ક્ષય થયા. ૧૮૬

અહંકારી અભિમાની હોય, ચિરંજીવી જગમાં નહિ કોય ;
જાઓ બેસો તમો રૂડી પેર, પ્રીછવી માને મોકલી ઘેર.
કહ્યું તાતને મૂકી મામ, તમે તમારૂં કરોને કામ. ૧૮૯

दोहरा.

રાયે મંન વિમાસિયું, મોટી હત્યા બાળ ;
કુંવરને હાથે હણી, આણું મારો કાળ. ૧૯૧

કોલ પળે સુત ઉગરે, સ્ત્રીહત્યા નવ થાય.
કહ્યું પ્રધાનને તે કરો, પૂછો પંડિત રાય. ૧૯૩

તેડ્યા પંડિત પ્રીતશું, પ્રધાન પૂછે જોષ ;
કહો કેમ સૌ ઉગરે, દિસે ન કોઇને દોષ. ૧૯૫

પ્રીત કરી પંડિત કહે, સુણો રાય એ સૂત્ર ;
બોલ તમારો પાળવા, વનમાં કહાડો પુત્ર. ૧૯૭

અમ શિર દોષ ન દીજિયે, સુણો રાય સુજાણ ;
જેવી શાસ્ત્રોમાં ઘટે, એવી બોલું વાણ. ૧૯૯

चोपाइ.

ક્રોધે બોલ્યો ચંપકરાય, કુંવરને કાઢો વનમાંય ;
પછી પંડિતની ભાગી ભૂખ, ટાળ્યું જન્મ બધાનું દુઃખ. ૨૦૧

પુષ્પસેને સજ્યો કેકાણ, અંગે ધર્યાં ધનુષ ને બાણ ;
માગી શિખ ચાલ્યો જેટલે, પ્રધાનપુત્ર મળ્યો તેટલે. ૨૦૩

પરસ્પરે રોયા બે જણા, રોતાં કાંઇ ન રાખી મણા ;
પુછે વિચાર બ્રાહ્મણજન, વળતી મુજને કાઢે વન. ૨૦૫

વળતી મિત્ર ગયો તે ત્યાંય, રાજસભા બેઠી છે જાંય;
માન દઇ મહિપતિને મળ્યો, એક અરજ મારી સાંભળો. ૨૦૭

દોહરા.

વજીર સુત વાણી વદે, સુણો રાયજી સૂત્ર;
એક વચનને કારણે, વનમાં કાઢો પુત્ર. ૨૦૯

એણે વચન તમ પાળયું, ઉત્તમ કીધો ન્યાય;
વચન જાય તમ પુત્રનું, એ મોટો અન્યાય. ૨૧૧

ચોપાઇ.

સુતને તેડીને પુછિયું, સત્ય કહો કાલે કેમ થયું;
ક્યહાં રહ્યાતા કેને કાજ, સાચું બોલ તજીને લાજ. ૨૧૩

જે તારા મનમાંહિ હોય, મારી આગળ ભાખો સોય;
સુત કહે સાંભળો મહારાજ, વનમાં જાતાં હરખ્યો આજ. ૨૧૫

મુજને વહાલી નથી મુજ દેહ, સત્ય કરી માનોજી તેહ;
કાલે મુજને કૌતુક થયું, બીક થકી કોઇને નવ કહ્યું.
આજ તમે તજિયો છે ક્રોધ, તો સાચો બોલું પ્રતિબોધ. ૨૧૮

દોહરા.

નેનકમળ વહેવારિયો, નગર તમારા માંય;
બત્રિસ લક્ષણુ આગળી, તેને છે કન્યાય. ૨૨૦

કરમ સંજોગે તે મળી, નાખ્યો તેણે પાશ;
વચન દીધું વરવાતણું, બાગી તેની આશ. ૨૨૨

આશાભંગી જે કરે, કોલ બેકોલી થાય;
મહાનરકમાં માનવી, જરૂર તે તો જાય. ૨૨૪

ચંપક ચિતમાં ચિંતવે, સર્વ સુણી વૃત્તાંત;
તરત શેઠ તેડાવિયો, અધિપતિએ એકાંત. ૨૨૬

મહાજન આવ્યા મલપતા, જ્યાં બેઠા છે રાય;
ભૂપે માન દીધું ઘણું, આવી નમિયા પાય. ૨૨૮

રાય કહે સુણુ શેઠજી, માગુંછું હું માન્ય ;
નેનકમળની દીકરી, આપો અમને દાન. ૨૩૦

વળતા મહાજન બોલિયા, સાંભળ રે ભૂપાળ ;
કન્યા અમો ક્યમ દીજિયે, બેસે શિર પર ગાળ. ૨૩૨

તમો ક્ષત્રિ અમો વાણિયા, તમો રાય અમો રાંક ;
વરકન્યા પરણે નહિ, વૈશ્યો કાઢે વાંક. ૨૩૪

ચોપાઇ.

નરપતિ કહે નહિ મારો વાંક, એ કન્યાએ વાળ્યો આંક ;
મુજ કુંવરને તેડી ગઇ, કિધો કોલ અમારી થઇ. ૨૩૬

તેને જઇ પુછો નિરધાર, જેમ ઘટે તે કરો વિચાર ;
શેઠ સુણી આવ્યા ઘરમાંય, પુત્રીને જઇ પૂછ્યું ત્યાંય. ૨૩૮

સત્ય વચન તું કહેજે આજ, જેમ કહે તે કરીએ કાજ ;
પુત્રિ કહે વર એજ પ્રમાણ, નહિ તો મારા છાંડું પ્રાણ. ૨૪૦

શેઠે વાત ધરી તે ધ્યાન, દઉં કુંવરને કન્યાદાન ;
નવ આપું તો પુત્રિ મરે, વળિ રાજા મન વેરજ ધરે.
કહોછો તો રાજા લિજિયે, કન્યાદાન અમો દીજિયે. ૨૪૩

દોહરા.

મારી પુત્રી લાડકી, તમ સુત બાવનવીર ;
જુગતું જોડું પરણશે, જમ સાકર ને ખીર. ૨૪૫

ચોપાઇ.

રાજા કહે ન લગાડો વાર, સામગ્રી કરજો તઇયાર ;
શાને વાર કરો એવડી, જાઓ પરણાવી દ્યો આ ઘડી. ૨૪૭

મંદિર આવ્યો વેવારિયો, સમાચાર જઇ સ્ત્રીને કહ્યો ;
કુંવરી તો ઇચ્છાવર વરે, ના કહિયે તો નિશ્ચે મરે.
શેઠાણિયે તે સુણિ લહ્યું, જઇ કુંવરિની આગળ કહ્યું. ૨૫૦

દોહરા.

રાજકુંવર તને પરણુશે, હમણાં જાશે રાન;
લખ્યું હશે તો આવશે. તું સુણ તારે કાન. ૨૫૨

કર્મે મારે જે લખ્યું, તે થાશે મુજ હાલ;
રૂડો ભૂંડો મેં વર્યો, આ ઠેકાણે કાલ; ૨૫૪

તું જાણે વરૂં રાયને, બેઠી ચાવું પાન;
એ તો રહેશે ઓરિયો, સમઝે આણી સાન. ૨૫૬

કાલ સવારે કાઢશે, રઝળી ભરશે પેટ;
તાત કહેછે તાહરો, નહિ સુખ પામે નેટ. ૨૫૮

કન્યા માતાને કહે, કર જોડીને વાત;
માનું નહિ હું માવડી, ઘેલો થયો મુજ તાત. ૨૬૦

તાત શું બેઠો દીન થઇ, કરો ગણેશ આચાર;
લગન ચોઘડીયું જાયછે, હવે ન કરવી વાર. ૨૬૨

આવ્યો રાજા પરણવા, વાગ્યાં વડાં નિશાન;
પાટ બેસારિ પદ્મની, જાણે ઊગ્યો ભાન. ૨૬૪

હાથ મેળાવ્યો હાથશું, આરોપી વરમાળ;
મૂર્ત્ત એકમાં ઉઠિયાં, પરણિ તે તત્કાળ. ૨૬૬

આશિરવાદ વિપ્રો વદે, વેદ વદીને વાણ;
ચિરંજીવી રહે બે જણાં, બોલે લોક પ્રમાણ. ૨૬૮

પરણી ઉઠયાં પાટથી, ઊતારી વરમાળ;
મીઢળ છેડા છૂટશે, લખ્યું હશે તે કાળ. ૨૭૦

શિખ માગી નારિ કને, હું પરદેશ પળીશ;
હુકમ લઇ હજુરનો, જાતાં તને મળીશ. ૨૭૨

ચોપાઇ.

પુષ્પસેન પરણી પરવર્યો, નમસ્કાર જઇ માને કર્યો ;
માતાજી અમો વન ચાલશું, લખ્યું હશે ત્યારે આવશું. ૨૭૪

મારા સમ જો દુ:ખ દિલ ધરો, નયને આંસુ શાને ભરો ;
જ્યાં જાઉં ત્યાં સુખજ હોય, મુજને ગાંજી શકે ન કોય. ૨૭૬

પ્રસન્ન થઇને શિખ દીજિયે, પ્રણામ લક્ષવરાં લીજિયે ;
ચાલો કહેતાં જીવજ જાય, પણ શું કરિયે કોપ્યો રાય. ૨૭૮

ચિરંજીવી જોડું ધરતણું, વધે જશ તે બહુ સુખ ભણું ;
માત કહે સુત વહેલા આવજો, પદ્મીની પરણી લાવજો. ૨૮૦

દોહરા.

વચન માતનું શિર ધર્યું, ત્યાંથી ચાલ્યો જાય ;
સામો જઇ ઉભો રહ્યો, જ્યાં છે રાજસભાય. ૨૮૨

શીશ નમાવ્યું તાતને, સભાને કર્યો જુહાર ;
રાજા બેઠો ત્યાં જઇ, ચરણે નમ્યો કુમાર. ૨૮૪

રાજા મુખથી બોલિયો, જો સુત મારો હોય ;
વનમાં જાજે એકલો, સાથે ન લેઇશ કોય. ૨૮૬

હું ને અશ્વ અમારડો, ન કરૂં કોઇની આશ ;
જો કોઇ સાથે સંચરૂં, સુકૃત થાજો નાશ. ૨૮૮

સેવક સાથે સંચરે, તે કાયરનું કામ ;
જાઊં વનમાં એકલો, “પુષ્પસેન” મુજ નામ. ૨૯૦

એમ કહિ પાછો વળ્યો, ન હોય મન ઉચ્ચાટ ;
પ્રધાનપુત્રે નિરખિયો, ઉપજ્યો મનગેંગાટ. ૨૯૨

પ્રધાનસુત પાછો વળ્યો, હૈડું ફાટિ જાય ;
સાથે આવું કેમ કરિ, વારિ રાખે રાય. ૨૯૪

વળતી નિજ નારિ કને, આવ્યો રાજકુમાર ;
નારે નિરખ્યો કંથને, કીધું રૂદન અપાર. ૨૯૬

નારિ પ્રત્યે નેહનાં, કહ્યાં વચન બે ચાર ;
જો જીવશું તો આવશું, નહિતો કોટી જુહાર. ૨૯૮

ચોપાઇ.

સ્ત્રી કહે અશ્વથકી ઉતરો, મારે હાથે ભોજન કરો ;
મુજને સાથે તેડો આજ, સફળ થાય તો મારાં કાજ.
પ્રીતે પાનની બીડિ કરૂં, મારે હાથે મુખમાં ધરૂં. ૩૦૧

દોહરા.

ભોજનનું મને શું કહો, હું નવ પીઉં વાર ;
વચન ન પાળું તાતનું, ધિક મારો અવતાર. ૩૦૩

જો અશ્વેથી ઉતરૂં, લાજે જનની આજ ;
હાલ હાલ કરી શીખ દ્યો, કીજે રૂડાં કાજ. ૩૦૫

ચોપાઇ.

માયા મોહ ને મમતા તજો, એક મને ઇશ્વરને ભજો ;
બુદ્ધિસાગર છે મારો મિત્ર, ઘણો ચતુર ને ઘણો પવિત્ર.
રહેશે ઘણું તમારી પાસ, એથિ કાંય ન થાય વિનાશ. ૩૦૮

દોહરા.

રાજાને નારી કહે, કોલ અમારો એહ ;
બારે વર્ષે ન આવિયા, તો પાડું મુજ દેહ. ૩૧૦

બાર વરસ પર એક દિન, જો વીતીને જાય ;
જીવ ધરૂં જો દેહમાં, નહિ મુજ એક પિતાય. ૩૧૨

કંથ પાખે જે કામની, બારે નહિ સુખ ભોગ ;
એટલું તમ પાખે તજું, સુખનો નહિ સંજોગ. ૩૧૪

ચાલું કહેતાં ચમકશું, પુઠ દિઠે જીવ જાય;
નેણા પડશે નીકળી, કાળજું કટકા થાય. ૩૧૬

આભ પડે ધરતિ ગળે, એવડું મારૂં દુઃખ;
જ્યારે તમને દેખશું, ત્યારે થાશે સુખ. ૩૧૮

નરથી નારી એકલી, પગલે પગલે વંક;
દિશે દિન દિન દામણિ, કામની શીર કલંક. ૩૨૦

પૂજ્ય અમારે એક તમ, અવર ન બિજો કોય;
અવર બીજો જો કરૂં, કુળમાં ખાપણ હોય. ૩૨૨

રાયે નારીને કહી, ચલાવિયો તોખાર;
એ અવસરે પ્રધાનસુત, આવ્યો એણે ઠાર. ૩૨૪

કર્યો પ્રણામ પ્રધાનને, વળો હવે કહ્યું વીર;
જીવ આપણો એક છે, દીસે દોય શરીર. ૩૨૬

ચોપાઇ.

પ્રધાનસુત તે પાછો વળ્યો, પોતે રાજા પંથે પળ્યો;
વેગે પાણી પંથ પળાય, મનમાં બીક ન આણે રાય. ૩૨૮

અનેક દિન એમ રસ્તે થયા, ભમતાં ભમતાં વનમાં ગયા;
રાજા ચાલ્યો વનમાં વળી, મહાવનમાં એક જક્ષણી મળી. ૩૩૦

મોટા હાથ ને ભૂરા વાળ, આવીને બીવરાવ્યો બાળ;
કોણ છે ને કેમ આવ્યો અહીં, મુજ આગળથી જાઇશ કહીં. ૩૩૨

ઘોડા સાથે તુજને ગળું, ઘણે દિને મુજને ભક્ષ મળ્યું;
ત્યારે વાયક બાળક ભણે, હું શરણે આવ્યો તુજકને. ૩૩૪

તમો કહો તે કામજ કરૂં, ઘો આજ્ઞા તે મસ્તક ધરૂં;
જક્ષણીને મન આવી દયા, પ્રીત વચન રાજાને કહ્યાં. ૩૩૬

દોહરા.

વળતી જક્ષિણી વદે, સાંભળ રાજકુમાર;
બીડ પડે સંભારજે, હું આવીશ તે ઠાર. ૩૩૮

સિદ્ધ વચન તે શિર ધર્યું, વેગે ખેડયો બાજ;
ઘણે દિને જઇ નીસર્યો, કુંતીભોજ જ્યાં રાજ. ૩૪૦

નગર સમીપે જઇ રહ્યો, મળ્યો વિપ્ર એક ત્યાંય;
પુછ્યું તેને પ્રેમશું, કોણ નગર કોણ રાય. ૩૪૨

વિપ્ર જ વાણી બોલિયો, તું શે ન જાણે મન;
ધાર નગર રળિયામણું, કુંતીભોજ રાજન. ૩૪૪

વદન નમાવ્યું વિપ્રને, પછિ ખેડયો કેકાણ;
નગર અનુપમ નિરખિયું, જાણે ઉગ્યો ભાણ. ૩૪૬

ગઢ દિસે રળિયામણો, દેખિ રિઝયો રાય;
સુવર્ણ કુંભે સુંદરી, જળ ભરવાને જાય. ૩૪૮

વડી જુક્તિ વાડીતણી, પુષ્પો ઝાડ વિશેક;
વર્ણન પુરનું શું કરૂં, કેતાં નાવે છેક. ૩૫૦

રાજસભામાં સંચર્યો, ઉત્તમ શોભા હોય;
નૃત્ય કરે વારાંગના, તે દેખી મન મોહોય. ૩૫૨

પંડિત બેઠા પાંચ સેં, રાજકુળી છત્રીશ;
જોશી જુગતે આચરે, લક્ષણધર બત્રીશ. ૩૫૪

જમણી પાસે જુગતશું, પ્રધાન જે ધનરાજ;
ડાબી પાસે બેટડો, કાનકુવર મહારાજ. ૩૫૬

કળાવંત કળા કરે, ગુણિજન ત્યાં ગુણ ગાય;
ચમર ઢળે ચોપાસથી, કનક સિંહાસન રાય. ૩૫૮

રાજસભા મનમાં વશી, હૈડે હરખ્યો રાય;
ક્યાં જઇએ આવું તજી, ઉત્તમ આ જ સભાય. ૩૬૦

પંડિત સૌને પ્રણમિયો, રાયને કર્યો જુહાર;
ભૂપતિ મન આનંદિયો, દેખિ રાજકુમાર. ૩૬૨

રાજસભામાં જઇ રહ્યા, સઉનાં રીઝયાં મંન;
માન દઇ બોલાવિયો, મન હરખ્યો રાજંન. ૩૬૪

કોણુતણા તમ બેટડા, કોણ તમારો દેશ;
કિયા મુલકથી આવિયા, પુછે વાત નરેશ. ૩૬૬

પૃથ્વી દેશ અમારડો, તાત તો સરજનહાર;
ઉમેદવાર ઓળગતણો, જ્યાં ધાર્યું કર્તાર. ૩૬૮

રાજસભા રાજિ થઇ, બંધાવ્યો તોખાર;
ખાઓ પિયો આનંદ કરો, એમ બોલ્યા દરબાર. ૩૭૦

અહીં રહો ઓળગ કરો, સહસ્ત્ર ટકા લ્યો રોક;
કુંવર સાથ નિત્યે રમો, ન હોય મનને શોક. ૩૭૨

નિત્ય વાડિયે સંચરે, ચોરે ચૌટે જાય;
જાણિતો થયો નગરમાં, આવ્યા અમુલખ રાય. ૩૭૪

વાર્ત્તા સઘળે વિસ્તરી, સુંદર ચતુર સુજાણ;
જ્યાં બેઠી પદ્માવતી, દાસી કરે વખાણ. ૩૭૬

કુંવરી કુંતીભોજની, પદ્માવતી અભિધાન;
શશિવદની મૃગલોચની, હીરા દંતસમાન. ૩૭૮

સાહેલી સોળ વર્ષની, સુલેખા તેનું નામ;
જ્યાં બેઠાં પદ્માવતી, તે આવી તે ઠામ. ૩૮૦

ચોપાઇ.

હસતિ રમતી ને બોલતી, આવી નિકટ દાસિ ડોલતી;
વાત સુણો બાઇ અમતણી, અમને આપો વધામણી. ૩૮૨

તમ સરખો દિઠો એક ભૂપ, તમથી અદકું તેનું રૂપ;
કોઇ નગરનો છે રાજિયો, મહા સંકટે અહીં આવિયો. ૩૮૪

રૂપ સુરૂપ છે લક્ષણ સાર, કારણ રૂપતણો અવતાર;
હેત કરી રાખ્યો છે રાય, તેની શોભા કહી નવ જાય. ૩૮૬

અશ્વ અનોપમ ઉપર ચઢયો, કાલ અમારિ દ્રષ્ટે પડયો;
ચિત્ર લખેલી હું તો થઇ, સુધ બુધ મારિ સર્વે ગઇ. ૩૮૮

વર્ષ સોળ બાઇ મુજને થયાં, એવાં રૂપ મેં નવ નિરખિયાં;
સહી માનજો મારૂં કહ્યું, રૂપ અલૌકિક મેં તો લહ્યું. ૩૯૦

દોહરા.

પદ્માવતી કહે પ્રેમશું, સાંભળ સહિયર એહ;
વખાણ તું કરે જેહનું, મુજને દાખવ તેહ. ૩૯૨

બાઇ બેસો માળિયે, નિરખાવું હું ચાલ;
કરવા સ્નાન સરોવરે, જાશે પ્રાતઃકાળ. ૩૯૪

નારી બેઠી નિરખવા, ચોગમ દેખે વાટ;
ચાર ઘડીમાં આવિયો, ભાગ્યા ભવ ઉચાટ. ૩૯૬

દુરથી દિઠો આવતો, ભાગી મનની ભ્રાંત;
અશ્વ દોડાવ્યો પાટિયે, નિરખિયો એકાંત. ૩૯૮

ચોપાઇ.

નૃપે નાઇ વસ્ત્રો પેરિયાં, દંડવતો સુરજને કર્યા;
સવાગજી શિર ઉપર કેશ, છુટા મેલ્યા બાળે વેશ. ૪૦૦

ઘોડા ઉપર થયો અશ્વાર, છુટી ચાલે રાજકુમાર;
વાંકા મેલ્યાં છોગાં બહુ, તે દીઠે હરખે છે સહુ. ૪૦૨

દોહરા.

કપૂર સરખો ઉજળો, કુંડળ ઝળકે કાન;
રૂપે કામ શરિખડો, દાતા કર્ણ સમાન. ૪૦૪

જો પરણું તો એહને, નહિતર બેસે પાપ;
અવર પુરૂષ પૃથ્વી વિષે, સર્વે ભાઇ ને બાપ. ૪૦૬

ચોપાઇ.

આપું તને સોળે શણગાર, વળી એક મોતીનો હાર;
ઉપાય કરવો રૂડિ પેર, જેમ તેમ તેડિ લાવો ઘેર. ૪૦૮

રૂપ રંગ એનું નિરખિયે, જાત નાત એની પૂછિયે;
જોઇયે ચતુરાઇનો રંગ, પછિ પરણું હું તેને સંગ. ૪૧૦

દોહરા.

બીડું ઝડપ્યું માનની, ઉલટ અંગ ન માય;
જો નવ લાવું રાયને, નાવું મોલો માંય. ૪૧૨

દાસી ચાલી વેગશું, આવી જ્યાં રાજાન;
સમ દેઇ સમજાવિયો, ચાલ્યો ચતુર સુજાન. ૪૧૪

આગળ દાસી સંચરી, પાછળ ચાલ્યો છેલ;
ધસમસતો મોલે ચડયો, થઇ રહી રંગ રેલ. ૪૧૬

પદ્માવતી પ્રેમે કરી, દિધું ઘણુંએક માન;
સફળ જન્મ અમારડો, ઘેર આવ્યા રાજાન. ૪૧૮

ખાટે બેસો ખાંત શું, લ્યો ચાવો આ પાન;
અમ ઉપર કરૂણા કરી, તૂઠયા શ્રીભગવાન. ૪૨૦

આશા પૂરો અમતણી, અમ ઘેર આવ્યા ઇશ;
રાજ પધાર્યા રીઝમાં, સફળ થયો આ દીશ. ૪૨૨

રાજા રીઝી બેશિયો, સન્મુખ ઉભી નારિ;
કોણુ ધરતી કોણુ દેશડો, પુછે રાજકુમારિ. ૪૨૪

કોણુ રાયના બેટડા, કેમ નિકળ્યા પર દેશ;
હું પુછું છું પ્રેમશું, દીસો બાળે વેશ. ૪૨૬

ચોપાઇ.

શે કામે પુછો છો ગામ, શે કામે પુછો છો નામ;
જેહ કરે વિવાની વાત, તે પુછે પિતાની જાત. ૪૨૮

જ્યહાં વસુ ત્યાં મારૂં ગામ, રજક લઇ આવ્યું આ ઠામ,
તારા તાતની ઓળગ કરૂં, મૃગયા રમવા સાથે ફરૂં.
લખ્યા પ્રમાણે રહિશું અમો, તે સત્ય કરીને માનો તમો. ૪૩૧

दोहरा. समश्या.

નારી બોલી નેહશું, તમો છો ચતુર સુજાણ;
પાંચ ૫ વહાલા પુરૂષને, તેનાં કરો વખાણ. ૪૩૩

उत्तर.

પાન પાઘ ને પદ્મણી, પરિમળ ને પોશાગ;
પાંચે વહાલાં પુરૂષને, વળિ પૂછ સદભાગ. ૪૩૫

ધન ધન તારિ સૂઝને, ધન ધન રાજકુમાર;
પાંચ ક વહાલાં કામની, એહ હવે ઉચ્ચાર. ૪૩૭

उत्तर.

કાજળ કંકુ કુચવો, વળી કસુંબો, કંથ;
પાંચ ક વાલા પદ્મણી, સુણજે, નાર, સુચંત. ૪૩૯

प्रश्न.

જુગતું બોલ્યા જાણિતા, લાગી મનશું રાજ્ય;
પાંચ કકા નથી તુજ કને, તે તું કહી દેખાડ્ય. ૪૪૧

उत्तर.

કુડ કપટ કુલક્ષણો, કુડિજાત કુનારિ;
એ પાંચે નથી મુજકને, સાંભળ રાજકુમારિ. ૪૪૩

प्रश्न.

કહો, છો છંયે એકલા, તમ સાથે છે સાત;
પ્રગટ દેખું છું તમ કને, તે કહો સાચી વાત. ૪૪૫

उत्तर.

તીર તરકસ તરવાર ને, ભાલો ને તોખાર;
ઢાલ અને વળી ચાબકો, સાત સાથી છે સાર. ૪૪૭

प्रश्न.

પંખિ ઊડે જીવ વિના, બેસે જેની ડાળ;
મૃત્યુ પમાડે દેખતાં, કહો મુજને ભૂપાળ. ૪૪૯

उत्तर.

કુંવર કહે, સુણ કામની, સૌ હું સમજ્યો એહ;
સમશ્યામાં સમઝાવિયો, તીર કહીજે તેહ. ૪૫૧

સરલાર્થ ટીકા, અઘરા શબ્દોની વ્યુત્પત્તિ, પદચ્છેદ વિગેરે સહિત.

સામળ—એ કવિ શ્રીગોડ માળવી બ્રાહ્મણ હતો. એના ગ્રંથો ઉપરથી એવું અટકળાય છે કે તે સંવત ૧૭૪૦ પછી જન્મેલો અને ૧૮૦૦ પછી તેનું મરણ થયલું. તે અમદાવાદના વેગણપુર (હાલ ગોમતીપુર) નામના પરામાં રહેતો હતો. એના બાપનું નામ વીરેશ્વર હતું. રામદાસ પટેલ કરીને એક લેઉઓ કણબી તેનો આશ્રયદાતા હતો. તેને અને તેના છોકરાને ખુશ કરવા સામળે સિંહાસનબત્રીસી અને સુડાબહોતેરી એ ગ્રંથો રચ્યા. એ સિવાય એના રચેલા ગ્રંથો નંદબત્રીસી, મદનમોહના, બરાસકસ્તુરી, પદ્માવતી, શનિશ્ચરાખ્યાન, બોઢાણાનું આખ્યાન, ઉધમકર્મસંવાદ, અંગદવિષ્ટી, રાવણમંદોદરીસંવાદ, શિવપુરાણ, રેવાખંડ વગેરે છે. છપ્પા તે સામળનાજ છે. એ કવિ પહેલા વર્ગમાં ગણાયછે, પણ કવિતાનો આત્મા જે રસ તે તો પ્રેમાનંદનોજ. (નર્મગદ્ય ઉપરથી.)

૧. **આખ્યાન**—(સં. आ, रव्या કહેવું) ચરિત્ર, વાર્તા. 'કહું' નું કર્મ.

પદ્માવતી (નું)—ધાર નગરના રાજા કુંતિભોજની પુત્રી. એ **પુષ્પસેન** સાથે પરણી. વિભક્તિ છટ્ઠી. કવિતામાં ઘણી વાર વિભક્તિના પ્રત્યયનો લોપ થાય છે. **સતી**—સં. પતિવ્રતા સ્ત્રી.

શિરોમણી—સં. (શિરઃ+મણી) માથાનું મણી, માથાનો મુગટ—અહિં સહુને માથે શ્રેષ્ઠ એવી.

વિસર્ગની પૂર્વેના અક્ષરમાં અ હોય અને પછીથી ઘોષાક્ષર* આવે તો વિસર્ગનો ઉ થાય છે; એ ઉ પૂર્વેના અ સાથે મળીને ઓ થાય છે. જેમકે, મનઃ+ભાવ = મનોભાવ.

---

*ગ, ઘ, ઙ; જ, ઝ, ઞ; ડ, ઢ, ણ; દ, ધ, ન; બ, ભ, મ; ય, ર, લ, વ, હ, ળ.

સતી શિરોમણી જેહ—સતી સ્ત્રીઓમાં શ્રેષ્ઠ એવી. 'જેહ' (જે) સંબંધી સર્વનામ, 'હતી' (અધ્યાહાર) ક્રિયાપદનો કર્ત્તા.

'જે' સંબંધી સર્વનામ કહેવાય છે, કેમકે એ વપરાય ત્યારે એના સંબંધમાં હમેશાં **તે** (દર્શક સર્વનામ) આવે છે, જેમકે, જે લખો તે વાંચી જો જો. જે કહેવું હોય તે કહી દો.

૨. પુષ્પસેન—ચંપકસેન રાજા અને પુષ્પાવતી રાણીનો પુત્ર. એ **સુલોચના** (ચંપાવતી નગરના કોઇક શેઠની પુત્રી) અને **પદ્માવતી** સાથે પરણ્યો. વિ૦ છઠ્ઠી.

જે શબ્દ સાથે શબ્દયોગી અવ્યય જોડાયલો હોયછે તે શબ્દને **છઠ્ઠી વિભક્તિ**નો પ્રત્યય લાગેલો હોયછે અથવા તેનો લોપ હોયછે જેમકે, છોકરાની સાથે અથવા છોકરા સાથે.

વરી—(સં. વૃ પસંદ કરવું. આગળ રાજાઓમાં સ્ત્રીપુરૂષો એકએકને પસંદ કરી લગ્ન કરતાં.) પરણી. કર્ત્તા 'તે' અધ્યાહાર.

વર્ણન—(સં. વર્ણ્ વર્ણન કરવું) બ્યાન, વાર્તા. 'કહું' નું કર્મ.

૩. નગર—(સં.) શેહેર, કસ્બો **ચંપાવતી**—એક નગરનું નામ (હાલનું ચાંપાનેર). **ચંપકસેન**—ચંપાવતી નગરીનો રાજા

૪. પટરાણી—રાજાની પ્રથમ પરણેલી રાણી.

પુષ્પાવતી— ચંપકસેન રાજાની પટરાણી, અને પુષ્પસેનની મા. **તન**—(સં. તનય, તન્ ફેલાવવું.) પુત્ર, છોકરો.

૫. લક્ષણ†— (સં. લક્ષ્ ધ્યાનમાં લેવું) ગુણ.

દોહરા.

અક્કેકો સહિં બગતણો, કુકડાના તો ચાર ;
ત્રણ વળી ગદ્ધાના કહ્યા, પાંચ કાગના ધાર.
પુરૂષ મોર કુતરા તણા, ષડગુણ લેતાં થાય ;
પૂરાં બત્રિસ લક્ષણો, જેથી જન શોભાય. નર્મદ.

---

†બત્રિસ લક્ષણ કયાં કયાં તે–સિંહનું-પરાક્રમ; બગલાનું-ધ્યાન; કુકડાનાં-વ્હેલું ઉઠવું, મરવું પણ પાછી પાની ન કરવી, પરિવારનું પોષણ કરવું, સ્ત્રી ઉપર હેત ; ગધેડાનાં-વ્હેતરૂં કરવું, દુઃખ સહન કરવું, સંતોષ રાખવો ; કાગડાનાં-કોઇનો ભરોસો ન કરવો, મર્યાદા રાખવી, નમ્રતા રાખવી,

આગળો—આગળ પડે એવો, મુખ્ય, પૂરો. વિશેષણ, વિશેષ્ય 'તે' અધ્યાહાર.

જે નામનો વિશેષણ ગુણ બતાવે તે વિશેષ્ય.

બત્રિસ લક્ષણ આગળો —બત્રિસે લક્ષણમાં પૂરો.

ચૌદ વિદ્યા—હિંદુ શાસ્ત્રમાં ચૌદ જાતની વિદ્યા કહેવાય છે- ચાર વેદ, ષડંગ (છ અંગ) અઢાર પુરાણ, મીમાંસા, ન્યાય અને ધર્મશાસ્ત્ર. વિદ્યા-(सं. विद् જાણવું). ચોદવિદ્યાગુણજાણ.— ચૌદે વિદ્યાના ગુણને જાણનારો, ચૌદે વિદ્યામાં પ્રવીણ.

૬. **રાગ છત્રિસે**—છત્રિસે રાગ. રાગ મુખ્ય છ પ્રકારના* છે અને એ દરેકના પાંચ પાંચ પેટા ભાગ (રાગણી) છે. 'છત્રિસે' માં 'એ' પ્રત્યય પૂર્ણ સંખ્યા બતાવે છે, જેમ અઢારે વર્ણ, ચૌદે વિદ્યા ; અહિં એ ત્રીજી વિભક્તિનો પ્રત્યય નથી.

આળપે—(सं. आलाप=વાર્તા, लप् બોલવું) ગાય. કર્તા 'તે' અધ્યાહાર. **વદન**—(सं. वद् બોલવું) મ્હોં, મ્હોડું.

શશી પરમાણ—શશી પ્રમાણે, ચંદ્રના જેવું.

૭. **સુત**—(सं. सू જન્મ આપવો) પુત્ર, છોકરો-પુષ્પસેન.

ધનુર્વિદ્યા—(सं. धनु: + विद्या) કામઠું ખેંચી તીર મારવાની વિદ્યા. **ધનુસ્**—(सं.) કામઠું.

વિસર્ગની પહેલાં **અ આ** વગરનો કોઇ બીજો સ્વર આવે અને પછી ઘોષાક્ષર† આવે તો વિસર્ગનો **ર્** થાય છે. જેમકે, નિઃ + મળ =નિર્મળ. નિ: + દય=નિર્દય. નિઃ+ભય=નિર્ભય.

સમો પારખવો, ચંચળતા ; પુરુષનાં-યુદ્ધે પરાક્રમ, સંપત્તિમાં ક્ષમા, વિપત્તિમાં ધીરજ, ચતુરાઇ, સભામાં વાચાળપણું, યશની ભૂખ ; મોરનાં-ઉંચે સ્થાનકે (દરજ્જે) રહેવું, શત્રુને મારવો, મધુર ભાષણ, સ્વરૂપે સુંદર હોવું, યુક્તિ-પ્રયુક્તિ જાણવી, નિરભિમાન ; કુતરાનાં- થોડે સંતોષ, ઘણે સંતોષ, ઉંઘ સ્વલ્પ, તરત સમજી જવું, સ્વામિની ભક્તિ, શૌર્ય.

* ભૈરવ, માલકોસ, હિંડોળ, દીપક, શ્રી, મેઘ.

† જુઓ ટીકા, લીટી ૧ લી.

ધીર—(સં.) ધીરજ રાખનાર, ગભરાય નહિ એવો, પૂરેપૂરો ચતુર.

ધનુર્વિદ્યાનો ધીર—તીર મારવાની વિદ્યામાં ઘણો કુશળ.

૮. **હયે**—સં. ઘોડે. વિ૰ સાતમી. **બેસીને**-સંબંધક ભૂતકૃદંત.

સાતમી વિભક્તિના બે પ્રત્યય છે—'**માં**' જેમકે, તે **નિશાળમાં** છે, અને '**એ**' (એનો **અર્થ** 'માં', 'ઉપર' વગેરે થાય છે), જેમકે, **નદીએ** રેલ આવી છે. તે **હિંચકે** બેઠો છે. '**એ**' પ્રત્યય સમય પણ બતાવે છે. જેમકે, તે **રાતે** આવ્યો.

સંચર્યો—(सम् સાથે चर् ચાલવું) ચાલ્યો.

વીર—(સં.) કોઇ મોટું કામ ઉત્સાહથી માથે લઇ તેમાં ટકી રહી પાર પાડે એવો મહાન્ પુરૂષ.

બાવનવીર—મહાબળવાન, સહુને પૂરો પડે એવો.

૯. **પ્રીત**—(સં. प्री, આનંદ પમાડવું) સ્નેહ. 'હતી' અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા. **પરધાનશું**—પ્રધાન સાથે.

ક્ષણ અને **અળગો**—બન્ને ક્રિયાવિશેષણ અવ્યયો.

૧૦. **મૃગયા**—(સં. मृग् શોધવું) શિકાર.

૧૧. **વસંતઋતુ**—(સં.) ફાગણચૈત્ર. **ફુલીરહી**—ખીલીરહી. 'સુંદર' નો વિશેષ્ય 'નીર'. **નીર**-(સં.) પાણી.

૧૨. **તીર** (તીરે)—(સં.) કાંઠે. વિ૰ સાતમી. જુઓ ટીકા, લીટી ૮મી. 'આવ્યા'નો કર્તા 'તેઓ' અધ્યાહાર.

૧૩. **તટ**—(સં.) કાંઠો, કિનારો. **તેને છાંય** (=છાંયે)-તેની છાંયામાં. 'તેને' વિ૰ છઠ્ઠી. 'છાંય' વિ૰ સાતમી.

૧૪. **માનની**—(સં. मानिनी) માનવતી સ્ત્રી. એ સ્ત્રીનું નામ **સુલોચના** હતું. એ ચંપાવતી નગરમાં કોઇક વણિક શેઠની છોકરી હતી. તેને **પુષ્પસેન** સાથે પરણવાનું મન થયું.

મદે—(સં. मद् ગાંડા થવું) અહંકારે. વિ. ત્રીજી કરણાર્થે. **મદ ભરી**-જુવાનીના તોરથી ભરેલી.

જળ--(સં. जल) **પાણી.** વિ૦ ત્રીજી, 'ભરવાને' નું **કર્મ.** 'ભરવાને' સામાન્ય કૃદંત, વિભક્તિ ચોથી.

૧૫. કુંભ—(સં.) ઘડો. 'ભરી' સંબંધક ભૂતકૃદંતનું **કર્મ.** **શિર પર**—માથા ઉપર. **શિર**-(સં.) વિ૦ છઠ્ઠી. **પર,** શબ્દયોગી અવ્યય. જુઓ ટીકા, લીટી ૨ જી.

ધર્યો--(સં. धृ પકડવું) મૂક્યો. કર્ત્તા 'તેણીએ' અધ્યાહાર, **કર્મ** અને **ક્રિયાનાથ** 'તે' (કુંભ) અધ્યાહાર, **પ્રયોગ કર્મણિ.**

જે શબ્દ પ્રમાણે ક્રિયાપદને જાતિ, વચન અને પુરૂષ લાગે તેને **ક્રિયાનાથ** (ક્રિયાનો ધણી, તેને ફેરવનાર) કહે છે. જેમકે, **છોકરો** ચોપડી વાંચે છે, છોકરાએ **ચોપડી** વાંચી, છોકરાએ **પાઠ** વાંચવો, છોકરાથી **ચલાય છે.** એમાં પહેલા વાક્યમાં "**છોકરો**" (કર્ત્તા) **ક્રિયાનાથ** છે, બીજામાં "**ચોપડી**" (કર્મ), ત્રીજામાં "**પાઠ**"(કર્મ)અને ચોથામાં"**ચાલવાનો ભાવ**"**ક્રિયાનાથ** છે.

ક્રિયાનાથ ઘણું કરીને **પહેલી** વિભક્તિમાં હોય છે. જેમકે, છોકરો **ચોપડી** વાંચે છે, મેં **કાગળ** લખ્યો ; અથવા પહેલીને સ્થળે **બીજી** કે **ચોથી**માં, જેમકે, તેનાથી **વાઘ—વાઘને** મરાયો નહિ.

ક્રિયાનાથ ઉપરથી ક્રિયાપદના **પ્રયોગ** ઠરે છે. **પ્રયોગ** ત્રણ છે— **કર્ત્તરી પ્રયોગ, કર્મણિ પ્રયોગ** અને **ભાવે પ્રયોગ.**

કર્ત્તરિ પ્રયોગ—જ્યારે **ક્રિયાનાથ કર્ત્તા** હોય એટલે **કર્ત્તા** પ્રમાણે ક્રિયાપદને જાતિ, વચન અને પુરૂષ લાગે ત્યારે **કર્ત્તરિ પ્રયોગ** હોયછે. જેમકે, હું ચોપડી **વાંચુંછું (સકર્મક કર્ત્તરિ),** હું નિશાળે જાઉં **છું (અકર્મક કર્ત્તરિ).**

કર્ત્તરિ પ્રયોગમાં કર્ત્તા હમેશાં **પહેલી** વિભક્તિમાંજ હોયછે અને **ક્રિયાપદ અકર્મક** હોય અથવા **સકર્મક** હોય.

કર્મણિ પ્રયોગ—ક્રિયાનાથ કર્મ હોય એટલે **કર્મ** પ્રમાણે ક્રિયાપદને જાતિ, વચન અને પુરૂષ લાગે તો **કર્મણિ પ્રયોગ.**

જેમકે, છોકરાએ કાગળ **લખ્યો**, છોકરીએ કાગળ **લખવો**, છોકરીથી કાગળ **લખાયછે.**

એ પ્રયોગમાં **કર્ત્તા** હમેશાં **ત્રીજી** વિભક્તિમાં અથવા ત્રીજીને અર્થે કરણાર્થે **પાંચમી**માં હોયછે. જેમકે, **છોકરીએ** (ત્રીજી) કાગળ લખ્યો; **છોકરીથી** (ત્રીજીને અર્થે પાંચમી) કાગળ લખાય છે.

ભાવે પ્રયોગ—ક્રિયાનાથ ક્રિયાપદનો **ભાવ** હોય એટલે ક્રિયાપદને તેના **ભાવ**નાં જાતિ, વચન અને પુરૂષ લાગે ત્યારે **ભાવે પ્રયોગ** થાયછે. જેમકે, મારે,*તારે*કે છોકરાએ **બેસવું**; મારાથી, તારાથી કે છોકરાથી **બેસાતું નથી.**

એ પ્રયોગમાં **ક્રિયાપદ** હમેશાં **અકર્મક** હોયછે અને **કર્ત્તા ત્રીજી** કે ત્રીજીને **અર્થે પાંચમી**માં આવેછે.

प्रयोग ओळखवानी रीत.

કર્ત્તા પહેલી વિભક્તિમાં હોય અને **ક્રિયાપદ અકર્મક** હોય તો **અકર્મક કર્ત્તરિ પ્રયોગ.** જેમકે, **છગન દોડે છે. કર્ત્તા પહેલી** વિભક્તિમાં હોય અને **ક્રિયાપદ સકર્મક** હોય તો **સકર્મક કર્ત્તરિ પ્રયોગ.** જેમકે, **છગન** વાર્ત્તા **કહેછે. હું** ચોપડી **વાંચું છું.**

કર્ત્તા ત્રીજી કે ત્રીજીને અર્થે **પાંચમી**માં હોય અને **ક્રિયાપદ સકર્મક** હોય તો **કર્મણિ પ્રયોગ.** જેમકે, **મેં** કામ **કીધું**, છોકરાએ અભ્યાસ **કરવો**, **છોકરાથી** પાણી **પીવાયું.**

કર્ત્તા ત્રીજી કે ત્રીજીને અર્થે **પાંચમીમાં** હોય અને **ક્રિયાપદ અકર્મક** હોય તો **ભાવે પ્રયોગ** થાય છે. જેમકે, **તારે જવું**, **તમારાથી દોડાય છે.**

કટાક્ષ—(સં. कट् જવું, आक्षि આંખ) ઝટ લઇ વાંકી નજર કરી સાન કરી લેવી તે; વાંકી નજર. 'કરતી' વર્ત્તમાન કૃદંતનું કર્મ.

---

*એમાં 'મારે,' 'તારે' ને ત્રીજી વિભક્તિ છે.

૧૬. ચાતુરી—(સં.) ચતુરાઇ. **ભાવવાચક** નામ, ચાળવી' નું કર્મ અને ક્રિયાનાથ.

કોઇ પદાર્થ અથવા પ્રાણીનો કોઇ ગુણ અથવા ભાવ તેનાથી જૂદો સમજીને બોલતાં જે શબ્દ વાપરીએ તેને **ભાવવાચક નામ** કહેછે. જેમકે, સત્ય, દયા, ધીરજ, આનંદ, ગળપણ વગેરે.

ચાળવી—ચલાવી. પ્રેરકભેદ, જુઓ ટીકા, લીટી ૩૨ મી. કર્ત્તા 'તેણીએ' અધ્યાહાર. પ્રયોગ કર્મણિ. [પુષ્પસેન.

ચેત્યો—(સં. चित् વિચાર કરવો) સમજ્યો. રાય અહિં

૧૭. રામા-(સં.) સુંદર સ્ત્રી. વદે-(સં. वद् બોલવું) બોલે. એનુ કર્મ "સાંભળ રાજકુમાર...ભાર."

સાંભળ—આજ્ઞાર્થ છે. કર્ત્તા 'તું' અધ્યાહાર.

જે ક્રિયાપદનાં રૂપ **હૂકમ, વિનંતી** વગેરે કરવામાં વપરાય તે **આજ્ઞાર્થ.** જેમકે, **ચોપડી લાવ**; હે પ્રભુ, મારાં પાપ **માફ કર.**

(હે) **રાજકુમાર**—(હે) રાજપુત્ર. વિ૦ **સંબોધન.**

કોઇનું નામ લઇને બોલાવવું હોય ત્યારે **સંબોધન** વિભક્તિ.

૧૮. કોણ કારણ— = કોણ કારણે. શા માટે. 'કોણ' પ્રશ્નાર્થ વિશેષણ, વિશેષ્ય 'કારણ;' 'કારણ' (કારણે) ત્રીજી વિ૦, અથવા "કોણકારણ" સામટું લઇએ તો ક્રિયાવિશેષણ પણ લેવાય.

ગ્રહ્યું—(સં. ग्रह् ઝાલવું) પકડયું. કર્ત્તા 'તેં' અધ્યાહાર. કર્મ તથા ક્રિયાનાથ 'કામહું,' પ્રયોગ કર્મણિ.

શીદ—શાવાસ્તે. પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ અવ્યય.

વેંઢારે—(સં. वह् લઇ જવું) લઇ જાય. વર્ત્તમાનકાળ. કર્ત્તા 'તું' અધ્યાહાર. [ભૂતકૃદંત.

૧૯. સુણી—(સં. श्रु સાંભળવું) સાંભળીને. સંબંધક

સાથી—મિત્ર-અહિં પ્રધાન. વિ૦ છઠ્ઠી.

૨૦. કામની—(सं. कामिनी, कम् ઇચ્છવું) પ્રેમ રાખનારી સ્ત્રી. શું કહેછે … કોય—એ સ્ત્રી શું કહેછે તે કોઇ કહી શકે નહિ. 'શું' પ્રશ્નાર્થ સર્વનામ, 'કહેછે'નું કર્મ. 'કોય' (કોઇ) **અનિશ્ચિત્ સર્વનામ.**

જે સર્વનામ નક્કી સંખ્યા બતાવતું નથી તેને **અનિશ્ચિત્ સર્વનામ** કહેછે, જેમકે, કેટલાક, કોઇ, સહુ, સર્વ વગેરે.

૨૧. કોણ તમારી જાત-- તમારી શી જાત (ન્યાત) ? 'કોણ' પ્રશ્નાર્થ વિશેષણ, વિશેષ્ય " જાત. "

૨૨. તે કહો મુજને વાત—તે વાત મને કહો. મુજ, મુજને, તુજ, તુજને એ રૂપો કવિતામાં વપરાય છે. **'મુજને'** 'કહો' ક્રિયાપદનું **અનુપસ્થ** કર્મ **'વાત'** **ઉપસ્થ** કર્મ.

કેટલાંક ક્રિયાપદ જેવાંકે **આપ,** કહે, **પૂછ** વગેરે બે પ્રકારનાં કર્મ લેછે—**ઉપસ્થ** કર્મ* અને **અનુપસ્થ** કર્મ.*

જે કાંઇ કોઇને આપીએ, કહીએ કે પૂછીએ તેને સારૂ જે શબ્દ વાપરીએ તે **ઉપસ્થ** કર્મ (એ **બીજી** વિ૦ માં હોયછે); અને જેને કંઇ આપીએ, કહીએ કે પૂછીએ તેને સારૂ જે શબ્દ વાપરીએ તે **અનુપસ્થ કર્મ** (એ હમેશાં **ચોથી** વિ૦ માં હોયછે) એટલે જેને **'ને'** પ્રત્યય લાગેલો હોય તે **અનુપસ્થ કર્મ.** મેં તેને (અનુપસ્થ) ચોપડી (ઉપસ્થ) આપી. મેં મારા ભાઇને (અનુપસ્થ) તે વાત (ઉપસ્થ) પૂછી. તેણે છોકરાને (અનુપસ્થ) વાત (ઉપસ્થ) કહી.

૨૩. વેણ (જ)†—બોલ, વાણી.

ઓચરી-બોલી. પ્રયોગ સકર્મક કર્ત્તરિ.

(હે) **ધીર**—(सं.) (હે) ધીરજવાળા પુરૂષ. વિ૦ સંબોધન.

---

* ઉપસ્થ (ઉપ-પાસે, સ્થ-રહેવું) પાસેનું. અનુપસ્થ (અન્-નહિ, ઉપસ્થ-પાસેનું) દૂરનું.

† 'જ' કોઇ શબ્દને અંતે આવ્યો હોય તો તે નક્કીપણું બતાવેછે. જેમકે, તમેજ જાઓ. કવિતામાં અર્થ વગર માત્રા પૂરી કરવાને પણ એ વપરાયછે.

૨૪. **કસીભરીને**—(કામઠું) ખૂબ તાણીને.

૨૫. કુંભે—(સં.) ઘડે (ઘડાને). વિ૦ સાતમી. "(જો) કુંભે ...વાગશે" અને "ચાલશે...ધાર." એમાં 'વાગશે' અને 'ચાલશે' **સંશયાર્થ**માં છે.

અને ક્રિયાનું થવું બીજી ક્રિયા ઉપર આધાર રાખેછે, અથવા જેમાં કંઇ શરતને અંગે કામ થવાનું છે તે **સંશયાર્થ.** જેમકે, જો તે 'આવશે' તો હું આવીશ. સાચું "બોલશો" તો બચી જશો.

૨૬. હોડ—(હિં૦) શરત. **એકાવળ હાર**—એકજ શેરનો પણ ઘણો કિમતી હાર. **૨૭. ચોટ**--નિશાન, નેમ.

૨૮. મલપતો—ભભકાથી ધીમે ધીમે હરખભેર ચાલતો હોય એવો, મ્હાલતો. વર્તમાન કૃદંત ક્રિયાવિશેષણને અર્થે.

તત્કાળ—તેજ વખત. સમયસૂચક ક્રિયાવિશેષણ અવ્યય.

૨૯. મહિપતિ—(સં. मही પૃથ્વી, पति ધણી, पा, પાળવું) પૃથ્વીપતિ, રાજા--પુષ્પસેન. **રીઝયો**--ઘણો આનંદ પામ્યો.

૩૦. નિશાન—(ફા૦) નેમ. બંદુક, તીર વગેરે મારવામાં અમુક બિંદુ તાકેલું તે. એવું તે કોણ માત્ર ?—બેડાને તીર મારી ફોડવું એમાં તે શું મુશ્કેલ છે ?

૩૧. દઈ દાટ—ફાળ મારીને. **તાણી** સંબંધક ભૂતકૃદંત.

૩૨. ઝડપશું—ઝડપથી, ક્રિયાવિશેષણ. આવતો...ઝડપશું–આવતા તીરને ઝડપથી પકડી લીધું. 'આવતો' વર્તમાન કૃદંત, વિશેષણરૂપે વપરાયલું, વિશેષ્ય 'તે' અધ્યાહાર. **ઝાલ્યો**—કર્તા 'તેણીએ' અધ્યાહાર, કર્મ 'તે' અધ્યાહાર, પ્રયોગ કર્મણિ.

(તેણીએ) ચૂકવ્યો પહેલી ચોટ (ચોટે). પહેલીજ નેમે તે તીરને તેણીએ ઘડાને વાગતાં ચૂકવ્યું. 'ચોટ' વિ૦ સાતમી. ચૂકવ્યો—ક્રિયાપદ સકર્મક, પ્રેરકભેદ, 'તે' કર્મ અને ક્રિયાનાથ અધ્યાહાર. પ્રયોગ કર્મણિ. જુઓ ટીકા, લીટી ૧૫ મી.

જ્યારે ક્રિયાપદનો કર્ત્તા પોતે પોતાની મેળે ક્રિયા કરતો નથી, પણ કોઇ બીજાની પાસે અથવા બીજાને કહીને ક્રિયા કરાવે છે ત્યારે પ્રેરકભેદ થાય છે. જેમકે, મેં કાગળ લખાવ્યો. ધાતુને ઘણુંખરૂં **આવ, આડ,** કે **વાડ** પ્રત્યય લગાડવાથી **પ્રેરકભેદ** થાય છે. જેમકે, પરણ-**પરણાવ**; સાંભળ-**સંભળાવ**; બેસ-**બેસાડ**; ખા-**ખવાડ.**

૩૩. સખી—(સં.) બ્હેનપણી (સુલોચનાની).

હસીપડી—હસીદીધું, **સંયુક્ત ક્રિયાપદ.**

કૃદંત અને સહાયકારક* ક્રિયાપદોના મળવાથી **સંયુક્ત** ક્રિયાપદ થાય છે. જેમકે, વાંચી રહ્યો, લખી નાખ, લખી ચૂક્યો વગેરે.

૩૪. છેદું—(સં. છિદ્ કાપવું.) કાપું, કર્ત્તા 'હું' અધ્યાહાર, પ્રયોગ કર્ત્તરિ. **કો કાળે......શિશ.** આ સ્ત્રી પોતાની બહેનપણીઓ સાથે હસીપડી (એણે મને અપમાન કીધું) છે તે હું કોઇ વખતે પણ ભૂલી જઇશ નહિ, મને એવું થાય છે કે જાણે એનો શિરચ્છેદ કરૂં—એનું ડોકું ઉડાવી દઉં.

૩૫. વારી રાખ્યો—વાર્યો, રોકી રાખ્યો. સંયુક્ત ક્રિયાપદ, જુઓ ટીકા, લીટી ૩૩ મી. કર્મ અને ક્રિયાનાથ 'તેને' અધ્યાહાર. પ્રયોગ કર્મણિ. **કીજે**—કરીએ (કરો) વિનંતિને અર્થે આજ્ઞાર્થ. **રાઓ**—રાજા-વિ૦ સંબોધન.

૩૬. એને મંદિર જાઓ—એને ઘેર જાઓ. 'એને' વિ૦ છટ્ઠી. 'મંદિર' વિ૦ સાતમી. 'જાઓ' આજ્ઞાર્થ.

૩૭. આવ્યાની-આવવાની. ભૂતકૃદંત, સામાન્ય કૃદંતના અર્થમાં, વિ૦ છટ્ઠી. [ટીકા, લીટી ૨૨ મી.

વાટ—(સં.) રસ્તો, નારીજાતિ. 'કહો'નું ઉપસ્થ કર્મ. જુઓ

૩૮. દે—(સં. દા આપવું) આપ. આજ્ઞાર્થ.

---

*મુખ્ય ક્રિયાપદની સાથે તેના અર્થ અથવા કાળમાં ફેરફાર કરવાને જે બીજું ક્રિયાપદ આવે છે તેને **સહાયકારક** ક્રિયાપદ કહે છે. જેમકે, છે, નાખ, રહે, ચૂક, જા વગેરે.

પારખુ–નિશાની. સામાન્ય નામ. 'દે'નું કર્મ.

પડતી રાત—રાત પડતે, રાત પડતી વખતે. 'પડતી' વર્ત્તમાન કૃદંત, વિશેષણરૂપે. રાત (રાતે) વિ૦ સાતમી.

વર્ત્તમાન કૃદંત કોઇવાર **નામરૂપે** પણ વપરાય છે. જેમકે, તમને **વાંચતાં લખતાં** આવડે છે.

૩૯. સમસ્યા—ઉત્તર લેવાને રૂપકમાં જે કહેવું તે, ઉખાણું. **પાવક**—(સં. પૂ સ્વચ્છ કરવું) અગ્નિ, દેવતા. **પરજળે**—બળે. **મૃત** (સં. મૃ મરવું) મરેલું. ભૂતકૃદંત નામરૂપે, 'થાય'નો કર્ત્તા.

ભૂતકૃદંત કોઇવાર **વિશેષણ** રૂપે વપરાય છે. જેમકે, તે **કહ્યું** કામ કરતો નથી. [વિશેષ્ય 'મૃત.'

સંજીવન—(સં. सम् સાથે, जीव् જીવવું) જીવતો. વિશેષણ,

૪૦. મોહોલ—મેહેલ. **ઊંચેરડા**-ઉંચો. **એધાણી**—નિશાની. **રાય**=હે રાય—પુષ્પસેન. વિ૦ સંબોધન.

૪૧. ધમણ—(સં. धमनी) સોની કે લુહાર વગેરે લોકો પોતાની ભઠ્ઠીના દેવતાનો જોસ વધારવાને નળીવાળું ચામડાનું જે સાધન કામે લગાડે છે તે. **સાર**—સારી.

૪૨. (હે) માનની—માનવતી સ્ત્રી. વિ૦ સંબોધન.

લક્ષવસા—લાખવસા, નક્કી. ક્રિયાવિશેષણ

લોહાર (નું)–(સં. लोहकार, लू કાપવું) લુહાર (નું). 'મંદિર' 'કહ્યું' નું કર્મ અને ક્રિયાનાથ.

૪૩. જેને—સંબંધી સર્વનામ, જુઓ ટીકા, લીટી ૧ લી.

દીઠે–ભૂતકૃદંત, નામરૂપે, વિ૦ ત્રીજી કારણાર્થે. **જગ**–જગત્.

મોહે–(સં. मुह् મૂર્ખ થવું) મોહ પામવો, બહુ આનંદ થવો.

છેદે–(સં. छिद् કાપવું) કાપે. કર્ત્તા 'જે' અધ્યાહાર.

૪૪. રવિ—(સં.) સૂર્ય. **આથમતે**—અસ્ત પામતે. વર્ત્તમાન કૃદંત, વિશેષણ. **દિશ**—દિવસે. વિ૦ સાતમી.

૪૫. નિર્મળ–(સં. निर्मल) સ્વચ્છ. જુઓ ટીકા લીટી ૭મી.

નીરશું—નીર સાથે, પાણી સાથે. **નેહ**–સ્નેહ, પ્રેમ. નરજાતિ. ભાવવાચક નામ, જુઓ ટીકા, લીટી ૧૬મી.

૪૬. પુષ્પો—(સં.) ફૂલો. **વીણે.** કર્ત્તા 'જે' અધ્યાહાર.

પ્રીતશું—પ્રીતથી. ભાવવાચક નામ.

૪૩-૪૬. જેને જોવાથી સઘળા માણસો ખુશી થાય છે (ફૂલવાળાં ઝાડ), તેનાં માથાં જે કાપી નાખેછે (તેનાં ફૂલ જે તોડી લેછે), જેને સ્વચ્છ પાણી સાથે સ્નેહ છે એવી વનસ્પતિની સ્વચ્છ વાડીમાં જે માણસ ખુશીથી ફૂલો વીણે છે તેના એટલે માળીનાં ઘરની પડોસમાં સૂરજ અસ્ત પામતે (સંધ્યાકાળે) પધારજો.

૪૭. સમારે—સુધારે, સાફ કરે, શોભિતો કરે.

તુજને—તને. વિ૦ બીજી, જુઓ ટીકા, લીટી ૨૨ મી.

૪૮. સહી--નક્કી. **એહ**—એ–દર્શક વિશેષણ.

૪૯. શોભા દે—શોભા આપે. **ઉજવળ**–ઉજળું, સફેદ.

ઉજવળ કામ–સફેદ કરવાનું–ધોઇને સાફ કરવાનું કામ.

૫૦. શામા—(સં. श्यामा) જેને છોકરાં ન થયાં હોય તેવી આઠથી તે સોળ વર્ષની વયની સ્ત્રી. વિ૦ સંબોધન.

સમજાવ્યું—પ્રેરકભેદ, જુઓ ટીકા, લીટી ૩૨મી. પ્રયોગ કર્મણી, જુઓ ટીકા, લીટી ૧૫ મી.

૫૧.—ખાધે—કરડ્યાથી. ભૂતકૃદંત, નામરૂપે, વિ૦ ત્રીજી કારણાર્થે. **વિષ**–ઝેર. **જેને**···**ખાય**–જેના કરડ્યાથી સામાને ઝેર ચ્હડેછે તેને જે કોઇ ખાયછે.

૫૨. મુજ—મારે. વિ૦ છઠ્ઠી, જુઓ ટીકા, લીટી ૨૨મી.

બારણે–વિ૦ સાતમી. **રાય**–વિ૦ સંબોધન.

૫૧-૫૨.–સાપ જેને કરડે તેને ઝેર ચ્હડેછે, પણ મોર સાપને ખાઇ જાયછે, તેને (મોરને) મારા બારણા આગળ મૂકીશ, એ પણ એક નિશાની.

૫૩. ગિરિશિખરે—(સં. ગિરિ = પર્વત, શિખર = ટોચ) પર્વતની ટોચ ઉપર. વિ૦ સાતમી. **વાસો વસે**-વાસ કરવો, જઇ રહેવું. **ગાજંતે**-ગાજતે, ગર્જના કરતે.

ઘનઘોર-(સં. ઘન=વાદળું, વરસાદ; ઘોર=અંધકાર થઇ રહેલો હોય એવું, અંધરાયલું) ચ્હડી આવેલો-અંધરાયલો વરસાદ.

૫૪. મસ્તક—(સં.) માથું. અહિં મસ્તકે. વિ૦ સાતમી.

૫૩-૫૪-પુષ્કળ વરસાદ ચ્હડી આવેથી અંધકાર થઇ રહ્યો હોય તે વખતે આકાશમાં ગર્જના થાયછે ત્યારે જે (પક્ષી) પર્વતના શિખર ઉપર ચ્હડી જાયછે, અને જેનાં પીછાં પરમેશ્વર-કૃષ્ણ પોતાના મુગટમાં ધારણ કરેછે તે તો હે સ્ત્રી **મોર** છે.

૫૫. કુરંગ—(સં.) હરણ, મૃગ. **હેમ** (સં.) સોનું. વિ૦ છઠ્ઠી. **સરીખડો**-સરખો. **પુછ** (સં. पूच्छ)-પૂંછડીએ. વ૦ ત્રીજી કરણાર્થે. **પીવંતો**-પીતો. 'નીર' પીવંતોનું કર્મ.

૫૬. આણી—સંબંધક ભૂતકૃદંત. **ધીર**-ધીરજ. ભાવવાચક નામ, 'આણી' નું કર્મ. જુઓ ટીકા, લીટી ૧૬ મી.

૫૭. મારે—મારીનાખે, હોલવે. કર્મ 'જેને' અધ્યાહાર

ઉદ્યોત—(સં. द्युत प्रકાશવું) અજવાળું.

કુળમાં કરે ઉદ્યોત-કૂળમાં જે અજવાળું કરે, કૂળમાં જે છોકરો સારો ઉઠયો હોય તેને માટે જે શબ્દ વપરાય છે તે એટલે **દીવો**, જેમકે, તે કૂળમાં **દીવો** ઉઠયો છે. **દીપક** (સં.) દીવો.

૫૮. ઘેરઘેર—ઘેરેઘેર. વિ. સાતમી. **જુવતી***-(સં. युवती) જુવાન સ્ત્રી. વિ૦ સંબોધન. **જ્યોત**-(સં. ज्योति) પ્રકાશ.

૫૯. મુખે—મ્હોડે. વિ૦ ત્રીજી કરણાર્થે. **વશ**-આધીન, વિશેષણ, વિશેષ્ય 'જે' અધ્યાહાર. **મુખે...હોય**-જે મ્હોડેથી

---

*સંસ્કૃતમાં કોઇ શબ્દનો આદ્યાક્ષર 'ય' હોય તો તેને બદલીને ગુજરાતીમાં કેટલીક વખત 'જ' બોલે છે. જેમકે, યમુના-જમના; યાદવ-જાદવ; યંત્ર-જંત્ર; યશ-જશ.

મધુર બોલે છે (જેમાંથી મધુર સ્વર નીકળે છે) અને જે ચતુર માણસને વશ હોયછે-જેને ચતુર માણસ હોય એટલે જેને બરોબર વગાડતાં આવડતું હોય તેજ બરોબર વગાડી શકે છે.

૬૧. **ભોગી**—(સં. भुज् ભોગવવું) આનંદ ઉપજાવનારી. **માણે**-ભોગવે. કર્મ 'જેને' અધ્યાહાર. **ભૂપતિ**-(સં. भू પૃથ્વી, पति ધણી, पा પાળવું) પૃથ્વીપતિ, રાજા. **તંત્ર**-તાર.

૬૨. **જોખથી**—મઝાથી. **જંત્ર**-યંત્ર, વાદિત્ર, સારંગી અથવા એના જેવું કોઇ બીજું વાદિત્ર.

૬૩. **રાંક**—(સં. रंक) ગરીબ સ્વભાવનો–ટેક જેને નહિ એવો. "વાણીઆ મૂછ નીચી તે નીચી" એવી કહેવત છે. વિશેષણ, વિશેષ્ય 'જે' અધ્યાહાર. **વર્ણ**-(સં.) જાત, ન્યાત.

રાંક...રાજ - જે જાત અઢારે વર્ણમાં ગરીબ સ્વભાવની ગણાય છે અને જે જાતથીજ તારૂં રાજ્ય ચાલે છે (એવી કહેણી છે કે જે દેશમાં વાણીઆ વસતા ન હોય તે રાજાનું રાજ્ય ન ચાલે).

૬૪. **આજ**—દર્શક વિશેષણ, વિશેષ્ય 'જાત.'

૬૫. **અકલે આગળો**—અક્કલમાં આગળ પડે એવો, ભવિષ્યનો અગાઉથી વિચાર કરી મૂકે એવો. કહેવત છે કે

"અગમ બુદ્ધિ વાણીઓ ને પછમ બુદ્ધિ બ્રમ,"
"તરત બુદ્ધિ તરકડો કે મુક્કી મારે ધમ."

સર્વકળાનો સૂત્ર—સઘળી કળામાં ફાવે એવો.

૬૬. **નારી**-(સં.) સ્ત્રી. વિ. સંબોધન. **ઓળખ્યો**-પ્રયોગ કર્મણિ. **વણિકકેરો**-વાણીઆનો. વિ. છઠ્ઠી.

કવિતામાં છઠ્ઠી વિ૦ બતાવવાને **કેરો, કેરી, કેરૂ; તણો, તણી, તણું** એ પ્રત્યયો ઘણી વાર વપરાય છે.

પુત્ર—(સં. पुत् નર્ક, त्रा તારવું) છોકરો. નર્કમાંથી પિતાને તારનાર.

૬૭. **અમુલક**—અમૂલ્ય. વિશેષણ, વિશેષ્ય 'જે.'

૬૮. કીજે—જુઓ ટીકા, લીટી ૩૫ મી.

તાત-(સં. तन् ફેલાવવું) પિતા, બાપ.

નેણ—(સં. नयन) આંખ. **સુધામ**-(સં.) સારૂં ઠેકાણું.

નેનકમળશા—સુલોચનાના બાપનું નામ.

૬૭-૭૦-તમારી પાસે જે બે અમૂલ્ય વસ્તુ છે (નયન-**નેન**-આંખ), અને જે પાણીમાં થાય છે (**કમળ**), તે બેને એકઠાં કરવાં એટલે સાથે મૂકીને વાંચવાં-બોલવાં, તે ઉપરથી જે શબ્દ થાય તે મારા બાપનું નામ. **નેન+કમળ=નેનકમળ. શા** (શાહ) એ ઘણા વાણીઆના નામને છેડે આવે છે.

૭૧. એવું—દર્શક સર્વનામ, 'કહીને' નું કર્મ.

૭૨. આપઆપણે—પોતપોતાને.

ગયાં—નાન્યતર જાતિ, બહુવચન. **તત્પર**-તૈયાર.

જ્યારે ક્રિયાનાથ જૂદી જૂદી જાતિનાં હોય ત્યારે ક્રિયાપદ નાન્યતર જાતિ અને બહુવચનના રૂપમાં હોયછે. જેમકે, રાજા અને રાણી **આવ્યાં.**

૭૩. એંધાણ—એંધાણી, નિશાનીઓ.

ધરીને ગર્વ-અહંકાર ધરીને, મદથી. 'ગર્વ' ભાવવાચક નામ, વિ૦ બીજી, 'ધરીને' નું કર્મ.

રાજાને મન-રાજાના મનમાં. 'રાજાને' વિ૦ છઠ્ઠી. 'મન' વિ૦ સાતમી. **વાસયાં**-(વસ્યાં)-ઠસ્યાં.

રાજાને...સર્વ-તે સઘળાં રાજા સમજી ગયો.

૭૪. પ્રીતથકો—પ્રીતથી. વિ૦ પાંચમી કારણાર્થે.

પરવર્યો-ગયો. **સ્ત્રીમોહોલ**=સ્ત્રીનો મોહોલ-મહેલ.

૭૫. ઉઠી—સંબંધક ભૂતકૃદંત. **અબળા** (એ)-(સં. अबला, અ=નહિ, બળ=જોર. જેમાં બળ નહિ તે) સ્ત્રીએ-સુલોચનાએ.

પ્રણામ-(સં. प्र, नम् નમવું) નમસ્કાર. કર્મ ને ક્રિયાનાથ.

પધાર્યા—આવ્યા (માનાર્થે બોલવાની રીત છે).

રૂડે કામ—રૂડે કામે. 'કામે' વિ૦ ત્રીજી કારણાર્થે.

૭૬. પાંચ પદારથ—(પદાર્થ, પદ + અર્થ)=ધાન્ય, ધન, પશુ, પુત્ર, લાંબું આયુષ્ય, એટલે સર્વ વસ્તુ.

પામ્યાં-પ્રયોગ સકર્મક કર્ત્તરિ. જુઓ ટીકા, લીટી ૧૫ મી.

૭૭. કર—(સં.) હાથ. વિ૦ બીજી 'જોડીને' નું કર્મ.

૭૮. ભામિની—(સં.) સ્ત્રી. **નિરખ્યો**-જોયો, 'ભૂપ' કર્મ અને ક્રિયાનાથ. પ્રયોગ કર્મણિ. તે-દર્શક વિશેષણ.

રાજબીજ રાઢયાળું રૂપ—તે રાજાના વીર્યથી ઉત્પન્ન થયલો અને તેની ખૂબસુરતી આનંદ પમાડે એવી હતી.

૭૯. હૈડે—અંતઃકરણમાં. વિ. સાતમી. જુઓ ટીકા, લીટી ૮ મી. **નિરાખ્યાં**-પ્રયોગ કર્મણિ. **હરાખ્યાં**-હર્ષ પામ્યાં.

૮૦. ઓચરે—બોલે. ક્રિયાપદ સકર્મક, કર્મ 'સાંભળ... શરીર,' પ્રયોગ કર્ત્તરિ. **રાય**-વિ૦ સંબોધન.

૮૧. નહિતો—વાક્યયોગી અવ્યય.

પાડું શરીર—મરણ પામું. 'પાડું' કર્મકભેદ.

કેટલાક ધાતુના ઉપાન્ત્યાક્ષર*માં 'અ' હોય તેનો કેટલેક ઠેકાણે 'આ' કર્યાથી, અને કેટલેક ઠેકાણે 'એ' કર્યાથી, અથવા 'ઉ' હોય, તેનો 'ઓ' કર્યાથી કર્મકભેદ થાયછે. જેમકે પડ-પાડ, મર-માર, વળ-વાળ; ઉછર-ઉછેર; છુટ-છોડ, ફુટ-ફોડ.

૮૨. વિનતા—(સં. वनिता) સ્ત્રી.

વળતી—એના જવાબમાં. બોલ્યા-કર્ત્તા અને ક્રિયાનાથ 'તમે' અધ્યાહાર, પ્રયોગ કર્ત્તરિ, જુઓ ટીકા, લીટી ૧૫ મી.

સુલોચનાની ઇચ્છા તેજ વખતે પુષ્પસેનને પરણવાની હતી, પણ રાજકુંવરે ના કહી એવું કહીને કે છાનાં લગ્ન કરવાં એ અમને (રાજપુત્રને) એક દૂષણ છે.

---

* ઉપ (પાસેનો) + અંત્ય (છેલ્લો) + અક્ષર=છેલ્લાની પાસેનો એટલે તેની પહેલાંનો અક્ષર.

૮૩. **ના**--અહિં નામ છે. 'કહેતાં' વર્ત્તમાન કૃદંત.

કૃદંત સાત જાતના છેઃ—**વર્ત્તમાન** કૃદંત કરતો, કરતી, કરતું, કરતાં; **ભૂત** કૃદંત-કર્યો, કરી, કર્યું, કર્યાં; **વિશેષભૂત** કૃદંત-કરેલો, કરેલી, કરેલું, કરેલાં; **ભવિષ્ય** કૃદંત-કરવાનો, કરવાની, કરવાનું-કરવાનાં; **સામાન્ય** કૃદંત-કરવો, કરવી, કરવું, કરવાં; **સંબંધક ભૂત** કૃદંત-કરી, કરીને; **કર્ત્તૃવાચક** કૃદંત-કરનાર, કરનારો, કરનારી, કરનારૂં, કરનારાં.

હત્યા—(सं. हन् મારીનાખવું) કોઇને મારીનાખવાથી જે દોષ અથવા પાપ લાગે તે. [દૂષણ.

૮૪. **સુંદરી**—સુંદર સ્ત્રી. '**સુણ**' આજ્ઞાર્થ. **ખોડ**-એબ,

૮૫. **જુવતી**—(सं. युवती) (હે) જુવાન સ્ત્રી. જુઓ ટીકા, લીટી ૫૮ મી. **જોડ**-જોડી=(બન્ને).

૮૬. **સંભળાવું**—પ્રેરકભેદ, જુઓ ટીકા, લીટી ૩૨ મી. કર્ત્તા 'હું' અધ્યાહાર. 'તાત' 'સંભળાવું' ક્રિયાપદનું અનુપસ્થકર્મ.

૮૭. **સૌ**—અનિશ્ચિત વિશેષણ, વિશેષ્ય 'લોક.'

ઝાલું જમણો હાથ-જમણો હાથ પકડું. (લગ્ન વખતે વર કન્યાનો જમણો હાથ ઝાલે છે).

૮૮. **મંડપ**--(सं.) માંડવો. **રચાવું**, પ્રેરકભેદ. **મોકળો**-બહુ વિસ્તારવાળો, વિશાળ. **પેર**-પેરે, રીતે, વિ૦ સાતમી.

પુષ્પસેનનું આવું વચન સાંભળી સુલોચનાને સંતોષ ઉપજ્યો તેથી તે પોતાની મા પાસે ગઇ અને રાજપુત્ર તેણીના બાપને ઘેર સૂઇ રહ્યો.

૯૦. **તેણ સમે**=તે સમે. **સમે**-સમયે, વખતે, વિ૦ સાતમી. **વળતું**-પછીથી.

સજી-ભરીને, કરીને. **રાય**-ચંપકસેન.

૯૧. **જે તણું**—જેનું. જુઓ ટીકા, લીટી ૬૬ મી.

ઠળે-ધરે (લું છે). **શિર**-શિરે. વિ. સાતમી. **ઘણું**—ક્રિયાવિશેષણ, 'શોભિત' ના અર્થમાં વધારો બતાવે છે.

૯૨. નિશા—(सं.) રાત. **દીપક**—(सं.) દીવો.

રાજકુળ-રાજાનું કુટુંબ.

૯૩. રાગ રાગણી—જુઓ ટીકા, લીટી છઠ્ઠી.

૯૪. વિવિધ પ્રકારે—તરેહ તરેહનાં. **ગાન**-ગાયન.

૯૫. પહોર—ત્રણ કલાક. રાત દિવસ મળી ૮ પહોર.

૯૬. ધસમસીને—જોરસાથી આગળ વધી આવીને. **સૌકોને**=સૌકોઇને. અનિશ્ચિત સર્વનામ, જુઓ ટીકા, લીટી ૨૦ મી. **મન**=મનમાં. વિ. સાતમી. **પ્રગટયો**-ઉપજ્યો.

૯૭. આવીરહ્યા—સંયુક્તક્રિયાપદ, જુઓ ટીકા, લીટી ૩૩ મી. કર્ત્તા 'તેઓ' (લોકો) અધ્યાહાર.

૯૮. બચ્યાનો=બચવાનો, ભૂતકૃદંત, સામાન્યકૃદંતને અર્થે.

૯૯. માણસ ત્રણની—ત્રણ માણસની. **કીધા**-કર્ત્તા 'તેઓએ' (વાધે), કર્મ 'ઘાત,' પ્રયોગ કર્મણિ.

ઘાત (सं. हन् મારીનાખવું) મારીનાખવું. ભાવવાચક નામ.

૧૦૦. અસ્વાર—સ્વાર, સવાર. **સોંઢયાછે**-ચાલ્યાછે. ભૂતવર્ત્તમાન કાળ. **ઝુઝાર**—જોદ્ધા, લડવૈયા.

૧૦૧. આગળ—સ્થળવાચક ક્રિયાવિશેષણ અવ્યય.

કેટલાક શબ્દો, જેવાકે, **આગળ, પછવાડે, સાથે** વગેરે કોઇવાર શબ્દયોગી અવ્યય તરીકે વપરાય છે અને કોઇવાર ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાય છે. તેને ઓળખવાની નિશાની એ છે કે જો એવા શબ્દો કોઇ શબ્દ સાથે જોડાઇને ક્રિયાપદ સાથે વપરાય તો તે **શબ્દયોગી** જાણવા, અને એકલા છૂટા વપરાયલા હોય તો **ક્રિયાવિશેષણ** જાણવા. જેમકે, તે મારી **આગળ** (શબ્દયોગી) બેઠોછે. તે **આગળ** (ક્રિયાવિશેષણ) બેઠો છે.

૧૦૩. નગરપડો—નગરમાં ડાંડી પિટાવવી તે. **વજડાવિયો**-વગડાવ્યો. પ્રેરકભેદ, જુઓ ટીકા, લીટી ૩૨ મી.

વરતાવી છે-ફેરવી છે. પ્રેરકભેદ, ભૂતવર્ત્તમાન કાળ, પ્રયોગ કર્મણિ, **આણ**-દુવાઇ. 'વરતાવી છે' નું કર્મ.

૧૦૪. પ્રાણ—(सं. प्र. अन् શ્વાસ લેવો). જીવ.

૧૦૫. રહે અને ખાય—કર્ત્તા 'જે' અધ્યાહાર.

૧૦૬. સાથે—ક્રિયાવિશેષણ, જુઓ ટીકા, લીટી ૧૦૧ લી.

૧૦૭. પાળા—પગે ચાલનારો. પાંચથકી...અસ્વાર-પાંચ વર્ષનો હોય કે પચાસ વર્ષનો હોય (બાળકથી માંડી વૃદ્ધ સુધી), પગે ચાલનાર હોય કે ઘોડે બેસનાર હોય.

૧૦૮. ઠાર મારૂં—મારી નાખું.

૧૧૦. તોલ—(सं. तुल् જોખવું) વજન-માન.

૧૧૧. ગુદરૂં—બચવા દઊં, છોડી મૂકુ, જવા દઊં.

૧૧૨. પક્ષ—તરફેણ. **કોઇનો**, અનિશ્ચિત સર્વનામ.

કરૂં—સંશયાર્થ, જુઓ ટીકા, લીટી ૨૫ મી.

બ્રહ્મહત્યાદિક—(બ્રહ્મહત્યા + આદિક) **બ્રહ્મહત્યા**-બ્રાહ્મણને મારવાથી લાગતું પાપ. **હત્યા**—(सं हन्) મારીનાખવું. **આદિક**-(અને) એનાં જેવાં બીજાં. **બ્રહ્મહત્યાદિક પાપ**-બ્રાહ્મણને મારવાથી લાગતું પાપ અને એનાં જેવાં બીજાં પાપો, જેવાં કે, સ્ત્રીહત્યા, બાળહત્યા, ગૌહત્યા વગેરે.

૧૧૩. કોલ (જ) કર્યો—પ્રતિજ્ઞા કીધી. 'કર્યો,' પ્રયોગ કર્મણિ. **કરવાને**—સામાન્યકૃદંત, વિ૦ ચોથી.

૧૧૪. અન્યોઅન્ય—પરસ્પર. **સેના**-(सं.) લશ્કર.

૧૧૭. પસાય—ઇનામ. **કીધા**-કર્ત્તા 'જેણે,' કર્મ અને ક્રિયાનાથ 'ધાવ,' પ્રયોગ કર્મણિ. જુઓ ટીકા, લીટી ૧૫ મી.

૧૧૯. નિરીક્ષણ—(सं. निः + ईक्षण, ईक्ष् જોવું) બારીક નજર, બારીક તપાસ. **નરપતિ** (એ)-(सं. नर, માણસ, पति ધણી, पा પાળવું) રાજા-ચંપકસેન. વિ. ત્રીજી.

૧૨૦. **દૃષ્ટે**=(દષ્ટિએ)—(સં. દૃશ્ જોવું) દષ્ટિમાં, નજરે.

૧૨૧. **ભમર ચઢાવી શિશ**--ઘણો ક્રોધાયમાન થઇને (જ્યારે કોઇને ઘણો ક્રોધ ચઢયો હોય છે ત્યારે તેનાં ભવાં ઊંચાં થયલાં દેખાય છે). 'ચઢાવી' પ્રેરકભેદ. જુઓ ટીકા, લીટી ૩૨ મી.

૧૨૨. **હાથે**—હાથેવતી. વિ. ત્રીજી કરણાર્થે. **હણું**—(સં. हन् મારી નાખવું) મારી નાખું. **રવિઉગંતે**=સૂર્ય ઉગતે.

૧૨૪. **રાવત**—ઘોડેસ્વાર, જોદ્ધા. **ઝાંખા પડયા**—ઢીલા પડી ગયા,—નાં મ્હોં ઉતરી ગયાં. **અન્યાય**—(અ + ન્યાય) ખોટું કર્મ. **૧૨૫.** **સર્વે**—અનિશ્ચિત સર્વનામ.

૧૨૬. **પ્રાતઃકાળ**—સ્હવાર મળસ્કું. નરજાતિ.

૧૨૮. **પ્રમદા** (એ)—(સં. प्रमदा. प्रेम સ્નેહ, दा આપવું) સ્નેહ બતાવનારી સ્ત્રી. વિ. ત્રીજી કર્ત્તાર્થે, 'ગ્રહ્યા' નો કર્ત્તા. **આવી**-સંબંધક ભૂતકૃદંત. **પાલવ**-છેડા (લૂગડાના), નરજાતિ, બહુવચન. 'ગ્રહ્યા' નું કર્મ અને ક્રિયાનાથ.

કહ્યાં—ક્રિયાપદ સકર્મક, 'તેણે' અધ્યાહાર કર્ત્તા, '(વચન જ)' ઉપસ્થકર્મ અને ક્રિયાનાથ, 'રાજાને' અનુપસ્થ કર્મ.

૧૨૯. **તમો વિના**=તમારા વિના. **મેં**=મારાથી. **રહ્યું ન જાય**=રહેવાય નહિ. 'રહેવાય' **શકયભેદ**, ભાવે પ્રયોગ.

અકર્મક ક્રિયાપદના ધાતુને છેડે '**આ**' લગાડ્યાથી **શકયભેદ** (શકયાર્થ) થાયછે; કેટલાક ધાતુ જેવા કે, રહે, જા વગેરેમાં 'આ' પ્રત્યય લગાડ્યા પહેલાં 'વ' ઉમેરવો પડેછે. જેમકે, રહે-**રહેવા**, જા-**જવા**, બેસ-**બેસા**, આવ-**અવા**, ચાલ-**ચલા**.

ઘડી...થાય. એક ઘડી જો તમારો વિયોગ થાય તો તે ઘડી એક વરસ જેટલી લાંબી લાગે.

૧૩૦. **દીઠે**—જુઓ ટીકા, લીટી ૪૩ મી. **તમ**—તમને **મુજ**—મારી. **૧૩૧.** **જે**—અહિં વાકયયોગી અવ્યય છે.

'**જે**' નો **અર્થ** જ્યાં '**કે**' થતો હોય ત્યાં એ **વાકયયોગી** સમજવો.

૧૩૨. મહોલ—મહેલમાં. વિ. સાતમી.

[મનમાં.

પોતાને—વિ. છઠ્ઠી.

૧૩૩. ઉલટ—ઉમંગ, હોંસ. **માતાને મન** = માતાના

૧૩૪. **સમાચાર**—(સં. सम्+आचार, चर् ચાલવું)
ખબરઅંતર. **શા શા**—પ્રશ્નાર્થ વિશેષણ. **લાવિયા**=લાવ્યા.

૧૩૬. જશ—(સં. यश) કીર્તિ. જુઓ ટીકા, લીટી
૫૮ મી. **કોણે** પ્રશ્નાર્થ સર્વનામ. **લીધ**=લીધા. **કેટલાને**-
અનિશ્ચિત સર્વનામ. **દીધ**=દીધા.

૧૩૭. **કશી**—કંઇ. અનિશ્ચિત વિશેષણ. **પ્રાછું** જાણું.

૧૩૮. **શી**—પ્રશ્નાર્થ વિશેષણ. વિશેષ્ય 'વાત.'

૧૪૦. **કયમ**—(સં. किम्) કેમ. પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ

[લીટી ૮ મી.

અવ્યય.

૧૪૨. **અશ્વે**—(સં.) ઘોડે. વિ. સાતમી. જુઓ ટીકા

૧૪૩. **કટક**—લશ્કર, સૈન્ય. **સાગર**-દરીઓ.

૧૪૪. **સમીપે**—(સં.) પાસે. શબ્દયોગી અવ્યય. જુઓ
ટીકા, લીટી ૧૦૧ લી. **પાળો થઇ**-પગે ચાલીને. **તે વાર**-તે
વખતે. 'તે' દર્શક વિશેષણ. 'વાર' નામ, વિ. સાતમી.

૧૪૬. **જુહાર**—આવકાર દેવાની રીત, જેવી કે, નમસ્કાર,
પ્રણામ, રામરામ, જયગોપાળ વગેરે. [ગુસ્સો. **કષ્ટ**-દુઃખ.

૧૪૭. **કરડી દૃષ્ટ**—(સં. दृष्टि, दृश् જોવું). કરડી નજર.

૧૪૮. **ઝાંખો થયો**—ઢીલો પડીગયો.-નું મ્હોંઉતરીગયું.

પાછળ પાછળ-શબ્દયોગી અવ્યય. જુઓ ટીકા, લીટી
૧૦૧ લી.

૧૫૦. **આસન**—(સં. आस् બેસવું) બેસવાનું ઠેકાણું-
રાજ્યાસન. વિ. સાતમી. **ચડી**—સંબંધક ભૂતકૃદંત.

૧૫૧. **ખલક**—(અ૦) રૈયત.

૧૫૨. કહો—આજ્ઞાર્થ, કર્ત્તા 'તમે' અધ્યાહાર. એનું કર્મ 'રહ્યા ક્યાં રાત...પ્રભાત.' 'રહ્યા' અને 'આવ્યા' નિશ્ચયાર્થમાં છે, કર્ત્તા 'તમે' અધ્યાહાર.

કયમ—(સં. किम्) કેમ પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ અવ્યય.

પ્રભાત—(સં. प्र = આગળ, भा=પ્રકાશવું), પરોઢિયું. 'રાત' અને 'પ્રભાત' વિ૦ સાતમી.

૧૫૩. સરજ્યું હતું—(સ. सृज् સરજવું) નિર્માણ કર્યું હતું. કર્ત્તા 'પરમેશ્વરે' અધ્યાહાર. દ્વિતભૂતકાળ.

૧૫૪. રાજાજી—(સં. राजन्, राज् પ્રકાશવું) રાજા સાહેબ. વિભક્તિ સંબોધન. **મસ્તક**–(સં.) માથે. વિ. સાતમી.

૧૫૫. રાખણહાર—રાખનાર, પાલન કરનાર. વિ૦ સંબોધન. **ઠાર**--ઠેકાણું. વિ૦ સાતમી. એ શબ્દ એ રૂપે કવિતામાંજ વપરાયછે.

૧૫૬. બોલ્યો—એનું કર્મ 'જાઓ કુંવરનું ... હાર.'

૧૫૭. વ્હાર—કોઇની મદદે તેના રક્ષણને માટે આવવું તે. ઉપરાણું. **કરશે વ્હાર**--ઉપરાણું તાણશે.

૧૫૮. હાહાકાર—(સં.) શોક અને ભયનો ગભરાટ.

૧૬૦. લહે—(સ. लक्ष् જોવું) ધારે, જાણે.

૧૬૨. ચક્ષુ—(સં. चक्ष् જોવું) આંખ. નાન્યતરજાતિ.

તેનાં ચક્ષુ...ત્યાજ—તેની આંખો ફોડાવી નાંખુ. 'કરાવું' પ્રેરકભેદ. જુઓ ટીકા, લીટી ૩૨ મી.

૧૬૩. લહે—લે. સંશયાર્થ. જુઓ ટીકા, લીટી ૨૫ મી.

ફેડું—નાશ કરૂં. **તેના ફેડું નિશ્ચે ઠામ**—તેનાં ઘરબાર નક્કી તારાજ કરી નાખું-તેને પાયમાલ કરી દઉં.

૧૬૪. ચઢાવી દૃષ્ટિ—ડોળા કહાડીને, બહુ ક્રોધાયમાન થઇને. દૃષ્ટિ-(સં. दृश् જોવું) નજર, આંખ.

જોબન—(સં. यौवन) જુવાની. **ભરજોબનમાં**-પૂરેપૂરી જુવાનીમાં. **બાળેવેશ**—બાળા-સ્ત્રીના વેષમાં. વિ૰ સાતમી.

૧૬૫. **રાણી**—(સં. राज्ञी, राज् પ્રકાશવું) પુષ્પાવતી. **સાંઢાડી**-મોકલી ; કર્ત્તા, 'રાણીએ.' **સાહેલી**—બહેનપણી.

૧૬૬. **સેંસાત**—સાતસેં (સાહેલીઓ).

૧૬૭. **સઉકો**—સર્વે, અનિશ્ચિત સર્વનામ, જુઓ ટીકા, લીટી ૨૦ મી. 'સંચરી' નો કર્ત્તા.

ખડગ (સં. खड्ग, खड् ફાડી નાખવું.) તલવાર.

૧૬૮. **નરપતિ**—(સં. નર = માણસ + પતિ = ધણી—પા, પાળવું.) રાજા-અહિં ચંપકસેન.

પ્રણામ—(સં. प्र, नम् નમવું) નમસ્કાર. 'કર્યાનું' કર્મ. અને ક્રિયાનાથ.

૧૬૯. **માગોછો**-કર્મ 'જે' અધ્યાહાર, દ્વિત્વ વર્ત્તમાનકાળ.

૧૭૦. **માગ્યા**—કર્ત્તા 'તેં' અધ્યાહાર, પ્રયોગ કર્મણિ. **પુત્ત**—(સં. पुत्, નર્ક, त्रा તારવું. છોકરો પોતાના બાપના મરણ પછી ક્રિયા વગેરે કરી તેને નર્કથી તારે છે.) છોકરો.

૧૭૧.—**રાણી**—રાણીએ. વિ૰ ત્રીજી. 'મન'–વિ. સાતમી.

વિમાસિયું = (વિમાસ્યું)—વિચાર કર્યો, વિચારમાં પડી, મોટા અંદેશામાં પડી.

જાત—(સં. जा, ઉત્પન્ન થવું) શરીર.

૧૭૨. **જીવ્યાથી**—ભૂતકૃદંત નામરૂપે, વિ૰ પાંચમી.

૧૭૩. **રાયશું**—રાજા (અહિં ચંપકસેન) સાથે.

૧૭૪. **સભા**—(સં.) સભામાં. વિ૰ સાતમી. 'કોઇ,' અનિશ્ચિત સર્વનામ.

૧૭૫. **કહ્યું**—એનું કર્મ અને ક્રિયાનાથ 'કોઢે ગળશે જાત... ઠાર' (૧૭૮ મી લીટી સુધી).

કોઢ—(સં. कुष्ठ) સઘળી અથવા કેટલેક ઠેકાણે ચામડી સફેત અથવા રતાસવાળી સફેત કે કાળી થઇ જાય છે તે. 'કોઢે,' વિ૦ ત્રીજી. કોઢે ગળશે જાત—કોઢના રોગથી શરીર ગળઇ જશે.

૧૭૭. બ્રહ્મહત્યા (થી)—જુઓ ટીકા. લીટી ૧૧૨ મી, વિ૦ પાંચમી.

છૂટયાતણો—છૂટવાનો. ભુતકૃદંત, નામરૂપે. વિ૦ છઠ્ઠી.

૧૭૮. જેણે—સંબંધી સર્વનામ, જુઓ ટીકા, લીટી ૧લી.

૧૭૯. કુંવર—અહિં પુષ્પસેન. મન—મનમાં. વિ૦ [સાતમી.

૧૮૦. કયાં—કેમ, શા વાસ્તે.

૧૮૧. શે—પ્રશ્નાર્થ વિશેષણ. કામે—કામમાં, વિ. સાતમી. કાય (સં.) કાયા.

૧૮૨. જાયું—(સ. जा ઉત્પન્ન થવું) જન્મ્યું.

જાવાનું—જવાનું, નાશ પામવાનું. ગર્વ—(સં.) અહંકાર.

૧૮૩. જમ—(સં. यम) મરણ પછી જીવનો ઇન્સાફ કરી તેનાં કર્મ પ્રમાણે સ્વર્ગે કે નર્કે મોકલનારો દેવ. યમરાજા.

[કિંકર—(સં.) સેવક, દૂત. જમકિંકર—જમરાજાનો દૂત.

૧૮૪. બળી—(સં. बलि) એ એક મોટો રાજા હતો. એ પ્રલ્હાદનો પૌત્ર હતો. એ મોટો દાનેશ્વરી કહેવાતો. એ નવ્વાણું યજ્ઞો કરી સોમો યજ્ઞ પૂરો કરી રહેવા આવ્યો હતો તેવામાં વિષ્ણુએ વામન અવતાર લઇ તેની પાસે દાનમાં ત્રણ ડગલાં પૃથ્વી માગી, તે આપવાને બળી રાજાએ વામનજીના હાથમાં પાણી આપ્યું એટલે વામનજીએ તરતજ પોતાનું વૈરાટ સ્વરૂપ ધારણ કરી પોતાનું એક પગલું આકાશમાં અને બીજું પાતાળમાં મૂક્યું અને પછી બળી રાજાના પાસે ત્રીજું ડગલું માગ્યું ત્યારે તેણે જાણ્યું કે એ સાક્ષાત્ વિષ્ણુ છે તેથી પોતાનું વચન પાળવાને વામનજીને કહ્યું કે ત્રીજું ડગલું મારા મસ્તક ઉપર મૂકો. વામનજીએ તેમ કરી બળી રાજાને પાતાળમાં દાબી દીધો અને તેની વચન પાળવાની દૃઢતાથી પ્રસન્ન થઇને તેને ત્યાંનો રાજા કીધો.

છળયો—(સં. छल् ઠગવું) છેતરાયો, ઠગાયો, પુરણ વચન પોતાને પળ્યો—પોતાનું જે વચન (ત્રણ ડગલાં પૃથ્વી વામનજીને દાનમાં આપવાનું) હતું તે તો પોતે પૂરેપૂરૂં પાળ્યું.

૧૮૫. **હરિશ્ચંદ્ર**—એ અયોધ્યાનો સૂર્યવંશી રાજા હતો. કોઇ-એક સમયે નારદજી અને વસિષ્ઠઋષિ ઈંદ્રની સભામાં જઇ ચડ્યા. અને ત્યાં તેમનું એવું બોલવું થયું કે હરિશ્ચંદ્ર જેવો સત્યવાદી રાજા પૃથ્વી ઉપર બીજો કોઇ નથી. એ સાંભળી વિશ્વામિત્ર ઋષિને ઘણો ક્રોધ ચડ્યો અને તેણે વસિષ્ઠને કહ્યું કે એ તારો શિષ્ય છે માટેજ તું એનાં વખાણ કરે છે, પણ એનું સત્ય છોડાવું ત્યારેજ મારૂં નામ વિશ્વામિત્ર. એક દિવસે હરિશ્ચંદ્ર રાજા પોતે સૂતાછે તેવામાં તેને એવું સ્વપ્ન થયું કે મેં મારૂં બધું રાજપાટ કોઇ બ્રાહ્મણને દાનમાં આપ્યું. પછી જાગીને જુએ છે તો વિશ્વામિત્રઋષિ બ્રાહ્મણના વેષમાં આવેલા દીઠા. હરિશ્ચંદ્રે તેને પૂછ્યું કે તમારે શું જોઇએ છે? તે ઉપરથી તેણે એક ભાર સોનું માગ્યું. એટલે રાજાએ કારભારીને કહ્યું એને એક ભાર સોનું આણી આપો, એટલે ઋષિ બોલી ઉઠ્યા કે તું તારૂં સઘળું રાજપાટ મને સ્વપ્નમાં દાન કરી ચૂક્યો છે, માટે એ ઉપર તારો કશો હક નથી. રાજ્ય છોડી અહિંથી કુટુંબ સહિત નીકળ અને મને મારે એક ભાર સોનું કરી આપ. તે ઉપરથી હરિશ્ચંદ્ર, પોતાની સ્ત્રી તારામતિ, અને પુત્ર રોહીદાસ મહા મહા દુઃખ પામતાં ત્યાંથી નીકળી કાશીમાં ગયાં. રસ્તે વિશ્વામિત્ર જૂદે જૂદે વેષે તેમની આગળ ભમતા ફરે અને હરિશ્ચંદ્રને એમ કહેવા લલચાવે કે એમ કહેની કે મેં સોનું આપવા કહ્યું નથી, એટલે તારાં દુઃખ મટી જશે. પણ જેનું નામ હરિશ્ચંદ્ર તે ગમે તેવાં દુઃખો આવી પડોની પણ કંઇ સત્યથી ચળે ખરો? કાશીમાં પોતે મુડદાં ઉપર કર લેનાર ઘેડાને ત્યાં વેચાયો અને તેની સ્ત્રી તથા (પુત્ર કોઇ બ્રાહ્મણને ત્યાં વેચાયાં અને એમ કરીને તે બ્રાહ્મણ વિશ્વામિત્ર) ને આપવા કહેલું સોનું કરી આપ્યું. હરિશ્ચંદ્રને તથા તેની સ્ત્રીને ઘણાં નીચાં કામો કરવાં પડ્યાં તો ખરાં, પણ પોતે પોતાનું વચન સત્ય કર્યું. આખરે સત્યનો જય થયો અને હરિશ્ચંદ્ર સહકુટુંબ પોતાનું આગળનું રાજ્ય પામ્યો.

અંત્યજ—(સં. अंत्य નીચ, ज જન્મેલો) છેક નીચી જાતાને માણસ–ઘેડ, ભંગી વગેરે.

(**વિભીષણ**—એ લંકાના રાજા રાવણનો ભાઇ હતો. રામચંદ્રે જ્યારે લંકામાં રાવણ ઉપર સ્વારી કીધી ત્યારે એ

રામચન્દ્ર પાસે આવ્યો, અને હાથ જોડી વિનંતી કરવા લાગ્યો કે "હે મહારાજ, હું આપની સાથે યુદ્ધ કરનાર નથી. હું તો આપનો સેવક છું, માટે મને મારશો નહિ." એના આવા બોલ અથવા વચનને લીધે એને રામચંદ્રે રાવણને મારી નાખ્યા પછી લંકાનું રાજ્ય આપ્યું.

લંકાપતિ—લંકા અથવા સિંહલદ્વીપનો રાજા.

૧૮૬. પાંડવ—પાંડુ રાજાના પાંચ પુત્રો—**યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ.**

પાંડવો દુર્યોધન સાથે દ્યૂત (જુગટું) રમવા બેઠા ત્યારે તેઓએ એવી શરત મૂકી હતી કે જો અમે હારી જઇએ તો અમારે ૧૨ વર્ષ વનમાં રહેવું અને ૧૩ મું વર્ષ ગુપ્ત રહેવું, વગેરે, અને જ્યારે તેઓ હારી ગયા ત્યારે તેઓએ તેમ કરી પોતાનું વચન પાળ્યું.

કૌરવ.—ધૃતરાષ્ટ્રને સો પુત્ર હતા, તેઓ **કૌરવો** કહેવાતા (કુરૂવંશ ઉપરથી ઉતરી આવેલા માટે). પાંડવોએ પોતાના વચન પ્રમાણે બાર વર્ષ વનવાસ ભોગવ્યો અને તેઓ એક વર્ષ ગુપ્ત રહ્યા, એમ તેર વર્ષ પૂરાં થયાં ત્યારે **શ્રી કૃષ્ણ ભગવાન** તેઓની તરફથી કૌરવોના સૌથી મોટા ભાઇ **દુર્યોધન** પાસે ગયા અને તેને એમ વિનંતી કરી કે, હે દુર્યોધન, હવે તો પાંડવોને રાજ્ય કરવાને એકાદું તો ગામ આપ. ત્યાર તેણે કહ્યું કે એક સોયની તીવ્ર અણીથી જેટલી પૃથ્વી ભેદાય તેટલી પૃથ્વી સરખી પણ હું તેઓને યુદ્ધ વિના તો આપનાર નથી. દુર્યોધનના આવા વચનથી પાંડવોએ શસ્ત્ર લીધાં અને **કુરૂક્ષેત્રમાં** કૌરવો સાથે શ્રી કૃષ્ણ ભગવાનની સહાયતાથી યુદ્ધ કરી તેમનો પરાજય કરી સંહાર કીધો.

ક્ષય—(सं. क्षि, क्षय् નાશ કરવો) નાશ. ભાવવાચક નામ.

૧૮૭. અહંકારી—(सं. अहम् હું, कृ કરવું) જે કાંઇ કરૂંછું તે હુંજ કરૂંછું એવી ખોપ રાખનાર.

અભિમાની-(सं. अभि તરફ, मन् જાણવું) અતિશે આત્મા-પોતાની સ્તુતિ કરનાર. 'અહંકારી' અને 'અભિમાની' બન્ને ગુણવાચક વિશેષણ છે. વિશેષ્ય 'જે કોઇ' અધ્યાહાર.

ચિરંજીવી--(सं. चिरम् લાંબું, जीव् જીવવું) ઘણું જીવનાર, લાંબા આયુષ્ય-આવરદાવાળું. વિશેષણ, વિશેષ્ય 'કોય.'

૧૮૮ **પ્રીછવી**—સમજાવી. સંબંધક ભૂત કૃદંત.
મોકલી—કર્ત્તા, 'તેણે' (પુષ્પસેને), પ્રયોગ કર્મણિ.

૧૮૯. **તાત**—(સં. तन् વિસ્તાર કરવો) બાપ-અહિં ચંપકસેન.
મામ—(સં. मामिक) મમતા. મારૂં, મારૂં, ને મારૂં એવો જે આગ્રહ કરવો તે.

૧૯૦. **વિમાસિયું.**—જુઓ ટીકા, લીટી ૧૭૧ મી.

મોટી હત્યા બાળ—બાળહત્યા-બાળકને મારી નાખવો એ મોટું પાપ છે.

૧૯૧. **હણી**—(સં. हन् મારી નાખવું) મારી નાખીને. સંબંધક ભૂતકૃદંત. **કાળ**—(સં. काल) મોત.

૧૯૨. **કોલ પળે**—વચન પળાય. [જોવાં તે.

૧૯૪. **જોષ**—(સં. ज्योतिष) ગૃહ, ગૃહફળ, મુહૂર્ત્ત વગેરે

૧૯૬. **સૂત્ર**—(સં.) ટૂંકાણમાં કહેલી ઘણી મતલબવાળી.

બોલ—વચન. 'પાળવા'નું કર્મ. [વાત.

૧૯૮. **સુજાણ**—(સં. सुज्ञ, सु સારૂં ज्ञा જાણવું) ચતુર, ડાહ્યો. વિશેષણ, વિશેષ્ય 'રાય.' 'રાય' વિ૦ સંબોધન.

૨૦૦. **પંડિતની ભાગી ભૂખ**—પંડિતોને ધન વગેરે આપી સંતોષ્યા. 'ભાગી,' કર્ત્તા 'રાજાએ' અધ્યાહાર.

ભૂખ—તૃષ્ણા, ઇચ્છા.

૨૦૨. **સજયો**—સણગાર સજી તૈયાર કીધો.

કેકાણ—ઘોડો. **અંગે**—(સં.) શરીરે. [કર્મ અને ક્રિયાનાથ.

બાણ—(સં.) તીર. 'ધનુષ' અને 'બાણ' 'ધર્યાંનાં'

૨૦૩. **શિખ**—રજા. **માગી**—સંબંધક ભૂતકૃદંત.

૨૦૪. **પરસ્પરે**—(સં.) અરસપરસ.

મણા—બાકી, ઊણું. 'રાખી'નું કર્મ અને ક્રિયાનાથ.

૨૦૫. **બ્રાહ્મણજન**—અહિં પ્રધાન પુત્ર. **વન**—વનમાં,

૨૦૬. મિત્ર—(સં.) અહિં પ્રધાનપુત્ર. [વિ૦ સાતમી.

૨૧૪. ભાખો—(સં. भाष् બોલવું) બોલો. આજ્ઞાર્થ.

સોય—તે. એ શબ્દ એ રૂપે કવિતામાંજ વપરાય છે.

૨૧૭. કૌતુક—(સં.) આશ્ચર્ય. [માણસને સમજાવવું તે.

૨૧૮. પ્રતિબોધ—(સં. प्रति સામો, बुध् જાણવું) સામા

૨૨૧. કરમ—(સં. कर्म, कृ કરવું) નસીબ. દૈવ.

સંજોગ—(સં. संयोग, सम् સાથે, युज् જોડવું) બનાવ.

કરમસંજોગે—દૈવયોગથી, નસીબના કરવાથી.

પાશ—(સં.) ફાંસો, જાળ. 'નાખ્યો'નું કર્મ અને ક્રિયાનાથ.

૨૨૩. બેકોલી—બેવચની.

૨૨૪. માનવી—(સં. मन् વિચાર કરવો) મનુષ્ય.

૨૨૫. ચિંતવે—(સં. चित् વિચાર કરવો) વિચાર કરે.

વૃત્તાંત—(સં.) હકીકત. 'સુણી' સંબંધક ભૂતકૃદંતનું કર્મ.

૨૨૬. શેઠ—(સં. श्रेष्ठिन्) એ શબ્દ મોટા વેપારી ધંધાધારીને લગાડવામાં આવે છે. અહિં શેઠ-**નેનકમળશા.**

અધિપતિએ—(સં. अधि ઉપર, पति ધણી, पा પાળવું) રાજા,

૨૨૭. મહાજન—નગરમાં વેપારી ધંધાધારી વાણીઆ શ્રાવક સમરતનો જે મોટો વર્ગ તેમાંનો એક. અહિં **નેનકમળશા.**

૨૨૮. નામયા (=નમ્યા)—(સં. नम् નમવું) પ્રણામ કીધા. કર્તા 'મહાજન' અધ્યાહાર.

૨૩૩. ક્ષત્રિ—(સં. क्षत પ્રહાર, નાશ, क्षि, क्षय् નાશ કરવો त्रा, રક્ષણ કરવું) ચાર વર્ણમાંની બીજી વર્ણના લોક. જુદ્ધ કરનારો વર્ગ. [વાણીઆ વેપારી વગેરે.

૨૩૪. વૈશ્ય—(સં.) ચાર વર્ણમાંની ત્રીજી વર્ણના લોક;

૨૩૫. વાળ્યો આંક—આડો આંક વાળ્યો, ગજબ કીધો.

૨૩૭. નિરધાર—(સં. निर्धार, निर આગળ, धृ પકડવું) નક્કી. ક્રિયાવિશેષણ અવ્યય.

૨૪૦. **પ્રમાણુ**—કબૂલ. **છાંડું**--છોડું, તજું.

પ્રાણુ—(સં. प्र, अन् શ્વાસ લેવો) દમ, શ્વાસ, જીવ.

૨૪૪. **બાવનવીર**—જુઓ ટીકા, લીટી ૮ મી.

૨૪૫. **જુગતું**—યોગ્ય, લાયક. વિશેષણ.

ખીર—(સં. क्षीर) દુધપાક.

જમ—જેમ. ક્રિયાવિશેષણ.

૨૪૬. **સામગ્રી**—(સં. समग्र બધું). (લગ્નનું) સાહિત્ય-[તૈયારી.

૨૪૯. **ઇચ્છાવર**—પોતે પસંદ કરેલો વર.

૨૫૦. **સુણી લહ્યું**—સાંભળી લીધું. સંયુક્ત ક્રિયાપદ, જુઓ ટીકા, લીટી ૩૩ મી.

૨૫૬. **ઓરિયો**—ગમતી વસ્તુ ભોગવવાથી જે સુખ-આનંદ તે. લાવો. **સાન**—સમજ, ડહાપણ.

૨૫૮. **નેટ**—નક્કી. ક્રિયાવિશેષણ અવ્યય.

૨૬૦. **માવડી**—મા (હેતમાં). વિ૰ સંબોધન.

૨૬૧. **દીન**—(સં.) લાચાર, ગરીબડો.

ગણેશ આચાર—લગ્ન અથવા કોઇ શુભ કામની શરૂઆતે ગણપતિ બેસાડે છે તે.

આચાર- (સં. आ, चर् ચાલવું) ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અથવા પોતાના કુળમાં હોય તે રિવાજ પ્રમાણે વર્ત્તવાની જે રીત તે.

૨૬૨. **ચોઘડિયું**—(સં. चतुर्घटिका) ચાર ઘડી જેટલું જે [કાળમાન તે.

૨૬૩. **નિશાન**—(ફા.)વાવટાવાળું નોબત.

૨૬૪. **પાટ**—પરણતી વખત પાટલો, ખુરસી વગેરે બેસવાનું ઊંચું સ્થાન. **બેસાર(રિ)**—બેસાડી, પ્રેરકભેદ.

પદ્મની—(સં. पद्मिनी) શૃંગાર શાસ્ત્રમાં ચાર પ્રકારની સ્ત્રી—(પદ્મિની, હસ્તિની, ચિત્રિણી અને શંખિની)—વરણી છે તેમાંની પહેલી. રૂપ, રંગ, નાજુકાઇ, સુઘડતા, વિવેક.

ચાતુરી વગેરેથી પહેલા વર્ગમાં મૂકવા લાયક સ્ત્રી. ભાન-(સં. भानु, भा પ્રકાશવું.) સૂર્ય.

૨૬૫. આરોપી—પહેરાવી. વરમાળ-વરવહુની કોટમાં પરણતી વખતે જે માળા ઘાલવામાં આવે છે તે. [જેટલો કાળ તે.

૨૬૬. મૂર્ત—(સં. मुहूर्त्त) બે ઘડી અથવા ૪૮ મિનિટ.

૨૬૭. આશિરવાદ(=આશિર્વાદ)—(સં. आशिस् કલ્યાણ ઇચ્છવું, वाद વાણી. वद् બોલવું) કલ્યાણ કે સુખ થાય એવી રીતનું મ્હોંનું ભાષણ તે, દુવા. विप्र—(સં.) બ્રાહ્મણ.

વેદ—(સં. विद् જાણવું) આર્ય લોકોનું પવિત્ર ધર્મશાસ્ત્ર. વેદ ચાર છે:—ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ.

૨૭૦. મીંઢળ—એક જાતનું ફળ છે. એ લગ્ન જેવા શુભ કાર્યમાં વરવહુના જમણા હાથને કાંડે નાડામાં પરોવી બાંધવામાં આવે છે. ૨૭૧. પરદેશ—(સં. प्रदेश) પારકેદેશ. પાળીશ-જઇશ. ૨૭૨. હુજુર—(આ) કચેરી, દરબાર.

૨૭૬. ગાંજીશકે—જીતી શકે. ૨૭૭. લક્ષવરાં-લાખો.

૨૮૧. શિર—(સં.) માથું. વિ૦ સાતમી. ધર્યું-કર્ત્તા

૨૮૩. જુહાર— નમસ્કાર. [‘રાજકુંવર.’

૨૮૬. કોય(=કોઇ)-અનિશ્ચિત સર્વનામ, ‘લઇશ’નું કર્મ.

૨૮૭. અશ્વ—(સં.) ઘોડો. આશ—આશા.

૨૮૮. સુકૃત—(સં. सु સારૂં, कृत કરેલું, कृ કરવું) સારાં કૃત્ય-કામ, પુણ્ય.

૨૮૯. સેવક—(સં. सेव् ચાકરી કરવી) ચાકર. વિ૦ છઠ્ઠી.

૨૯૧. ઉચ્ચાટ—(સં. उच्चाटन). (મનમાં) ગભરાટ-અકળામણ-ચિંતા વગેરે.

૨૯૨. નિરખિયો(=નિરખ્યો)—(સં. निः,ईक्ष् જોવું) જોયો. ગેંગાટ— શોકમાં ગર્ક થઇ જવું તે.

૨૯૪. **સાથે**—ક્રિયાવિશેષણ અવ્યય, જુઓ ટીકા.

૨૯૬. **રૂદન**—(સં. रुद् રડવું) રડવું તે. [લીટી ૧૦૧ લી.

૨૯૭. **નેહ**—સ્નેહ. **૨૯૮. કોટી**—(સં.) કરોડ.

૨૯૯. ઉતરો—આજ્ઞાર્થ, કર્તા 'તમે' અધ્યાહાર.

૩૦૦. **સાથે**—ક્રિયાવિશેષણ અવ્યય. જુઓ ટીકા, લીટી ૧૦૧ લી. ['કાજ.'

સફળ—(સં. सफल) સિદ્ધ, પરિપૂર્ણ. વિશેષણ, વિશેષ્ય

૩૦૧-૩૨૫. **વાર**-પાણી-જળ. **તાતનુ**-બાપનું. **અવતાર**-જન્મ. **હાલહાલ**-પધારો પધારો. **માયા-મોહ** **મમતા**-અતિશય પ્રેમ. **બુદ્ધિસાગર**-વિ. નામ. ઘણોજ ચતુર. **વિનાશ**-નુકસાન (સં. नश्=નાશ પામવું. **કોલ**-વચન. **પાડું મુજ દેહ**-આપઘાત કરૂં. **વીતીને જાય**-ઉપર થાય-વધુ થાય. **પાખે**-વગર. **કામની**-સ્ત્રી. **સંજોગ**-પ્રાપ્તિ. **ચમકશું**-ગભરાશું. **પુંઠ**-પીઠ. **નેણા**—આંખ. **આભ**—આકાશ. **ધરતિ**-પૃથ્વી. **વંક**-વાંકી. **દામણી**-દયામણી. **કલંક**—ડાઘ. **ખાંપણ**-ખામી-ખોડ. **તોખાર**-ઘોડો. **અવસર**-સમયે-વખતે. **પ્રધાનસુત**-પ્રધાનનો છોકરો. **દોય**-બે.

૩૨૬-૩૩૫.—**પંથ**-માર્ગ-રસ્તો. **વેગેપાણી**=પાણીને વેગે, ઘણો ઝડપથી. **પળાય**-કપાય(માર્ગ). **જક્ષણી**-ભૂતડી, રાક્ષસી. **વાળ**-નિમાળા-કેશ. **ભક્ષ**-ખાવાનું. **વાયક**=વાક્ય, શબ્દ. **શરણે**-તાબે. **આજ્ઞા**-હુકમ. **મસ્તક**-માથે.

૩૩૬-૩૭૯-વળતી-તે ઉપરથી. **ભીડ**-આફત. **સિદ્ધ**-ચોકસ. **શિર**-માથે—વિભક્તિ ૭ મી. **ખેડયો**—ચલાવ્યો. **બાજ**-ઘોડો. **રાજ**-રાજા, નૃપતિ. **વિપ્ર**-બ્રાહ્મણ-**વાણી**-જવાબ. **રળિયામણું**-ભવ્ય-સુશોભિત. **વદન**-માથું. **કેકાણ**-ઘોડો. **અનુપમ**-જેનો જોડો ન મળે એવું. ઘણુંજ ઉત્તમ-(સં. अन्=નહિ, उपम-ઉપમા-મુકાબલો-કરી શકાય એવું-જેનો

મુકાબલો નહિ થઇ શકે એવું). **ભાણુ**–(સં. भानु). સૂર્ય. ગઢ– કિલ્લો. **રિઝયો**–ખુશી થયો. **સુવર્ણ**–સોનાનો. **કુંભ** (સં). ઘડો. **સુંદરી**–ખુબસુરત સ્ત્રી. **જુક્તિ**–યુક્તિ. **વિશેક**–ઘણાં. છેક– છેડો, અન્ત. **સંચર્યો**–ગયો. **વારાંગના**–ગાયન નૃત્ય કરનારી સ્ત્રીઓ. **રાજકુળ**–રાજકુળના. **લક્ષણધર**–લક્ષણ ધારણ કર- નારા–**જુહાર**–નમસ્કાર. ભૂપતિ (સં. भू પૃથ્વી, पति ધણી) પૃથ્વીનો ધણી–રાજા. **રીઝયાં**–ખુશી થયાં. **બેટડા**—બેટો. છોકરો–રાજપુત્ર. **અમારડો**–અમારો. **તાત**–બાપ. સરજન- હાર=સૃજનાર–પેદા કરનાર–પરમેશ્વર. **ઉમેદવાર**–ઇચ્છા રાખ- નાર. **ઓળગ**–ફરવું હરવું. **તોખાર**–ઘોડો. **દરબાર**–રાજા. સહસ્ત્ર–હજાર–**ટકા**–રૂપીયા. રોક–રોકડા. **સંચરે**–જાય. **ચોરે**– ગામમાં પેસતાં લોકોને ઉઠવા બેસવા ઉતારો કરવાની જગા. **ચૌટું**–બજાર. **અમુલખ**–શ્રેષ્ઠ–ઉત્તમ કુળનો. **અભિધાન**– નામ. **શશિવદની**–ચંદ્ર જેવા મુખવાળી. (સં. शशि=ચંદ્ર, વદની, મુખવાળી). **મૃગલોચની**–હરણના જેવી આંખવાળી. (સં. મૃગ=હરણ, લોચન, આંખ)=**દંત**–દાંત.

૩૮૦–૪૦૧. નિકટ— (સં.) પાસે. વધામણી–ખુશખબ્રી. **ભૂપ**–રાજા (સં. भू પૃથ્વી, प. પાળનાર). **રાજીઓ**–રાજા. **સંકટ**–આપત્તિ. **સુરૂપ**—સુંદર રૂપ, કાન્તિ. **દૃષ્ટે**–નજરે. **ચિત્ર લખેલી**–જોતાં વારને સ્તબ્ધ થઇ ગઇ–છક થઇ ગઇ. **સુધ બુધ**=શુદ્ધિ બુદ્ધિ, અક્કલ હોશિયારી. **અલૌકિક**=(સં. अ નહિ, लौकिक લોકમાંનું) આ પૃથ્વી ઉપર કોઇ એને મુકાબલે ન હોય એવું સુન્દર. **લહ્યું**–જોયું. **પ્રેમશું**=પ્રેમથી. **સહિયર**— બેનપણી. **દાખવ**–બતાવ, દેખાડ. **પ્રાત:કાળ**—સવારના પહોરમાં. **ચોગમ**—ચારે દિશાએ. **વાટ**—રસ્તો. **ભવ- ઉચ્ચાટ**–જન્મની ખટપટ, ફિકર. ભ્રાન્ત– (સં. भ्रान्ति, ભ્રમ. **દોટાવ્યો**–દોડાવ્યો. **પાટી**–ઘોડાની દોડ. **એકાન્ત**–એકલા- એકલી. **દંડવત**–નમસ્કાર. **સવાગજ**–સવા ગજ લાંબા. **બાળેવેશ**–જુવાનીનો દેખાવ. **છોગાં**–ફેંટો, પાઘડી.

૪૦૨-૪૩૦.--**કુંડળ**-કાનની લાળીએ પહેરવાનું ઘરેણું. **ઝળકે**-ઝગઝગી રહે. **કામ**-કામદેવ-રતિપતિ. **સરિખડો**—સરખો. **દાતા**-દાન આપનાર. **કર્ણ**-એ ઘણો મોટા મનનો ઉત્તમ દાતા હતો. **અવર**—બીજો. **નિરખિયે**—તપાસીએ. **સંગ**-સાથે. **માનની** (સં. मानुनि) ધણીની ઇચ્છા તૃપ્ત કરવામાં મોંઘી થાય એવી સ્ત્રી. **ઉલટ**-આનંદ. **અંગ ન માય**—શરીરમાંથી ઉભરાઇ જાય-અતિ આનંદ. **નાવું**=ન આવું. **વેગશું**—ઉતાવળી. **સમ**—સોગંદ. **ચતુર સુજાન**—ઘણો હોંશિયાર, (સુજાન-સં. सुज्ञान). **સંચરી**-નીકળી. **છેલ**—રંગીલો (રાજપુત્ર). **ધસમસતો**-જોસભેર. **રંગ રેલ**-પુષ્કળ આનંદ. **ખાટ**-કોચ. **કરૂણા**-દયા, મહેરબાની. **તૂઠયા**—પ્રસન્ન થયા. **રીઝયાં**-આનંદમાં. **દીશ**-દિવસ. **ધરતી**-જમીન, પૃથ્વીનો ભાગ. **બેટડા**-રાજપુત્ર. **વસું**-રહું. **રજક**-સર્જિત.

૪૩૧-૪૫૧.-**સમસ્યા**-માર્મિક અર્થવાળો પ્રશ્ન. **નેહશું**-પ્રીતથી. **પરિમળ**-સુગન્ધ, અત્તર વિગેરે. **પોશાગ**-કપડાં. **સદભાગ**-સારાં ભાગ્ય, નસીબવાળી. **કામની** (સં. कामिनी) ચતુર સ્ત્રી. **ઉચ્ચાર**-કહો. **રાડય**-હોંસ, ઉત્કંઠા. **કુડ કપટ**-મનમાં દગો. **કુલક્ષણો**-નઠારાં લક્ષણ. **કુડિ**-નઠારી. **તરકસ**-ભાથો. **તોખાર**-ઘોડો. **સાથી**-સોબતી. **ડાળ**-ડાળી.